# વિશ્વવિહાર

વર્ષ : 27 * અંક : 5 * ફેબ્રુઆરી 2025 * કિં. ₹ 15












વિશ્વકોશ ટ્રસ્ટના પ્રાંગણમાં સ્ટેચ્યૂનું ઉદ્‌ઘાટન કરતા આમંત્રિત મહેમાનો અને વિશ્વકોશના ટ્રસ્ટીઓ



'Rabindranath Tagore's Poetry and Politics, 1924-1941' વિશે ડૉ. સુગાતા બોઝ



'પ્રમુખ ટ્રમ્પ પછીનું અમેરિકા અને ભારતીયોનું ભવિષ્ય' વિશે શ્રી નટવર ગાંધી

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેઇટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

# અવિરામ સારસ્વતયાત્રાનું અભિવાદન



'પદ્મશ્રી' સન્માનથી અલંકૃત
શ્રી ચંદ્રકાન્ત શેઠ

ત્રીસેક વર્ષનો સમય અધ્યયન-અધ્યાપનમાં પસાર કર્યા બાદ ચંદ્રકાન્તભાઈ ચોવીસેક વર્ષ સુધી ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં કાર્યરત રહ્યા. તેઓ કહેતા કે, 'મારા નિવૃત્તિકાળને ઉત્તમ કરવામાં વિશ્વકોશ સંસ્થામાં કરેલા કાર્યનો અમૂલ્ય ફાળો છે' તેઓ આ કાર્ય કરતાં વિશ્વકોશમાં જે મોકળાશ અને વિદ્યાકીય માહોલ મળ્યો, એની હંમેશાં પ્રશંસા કરતા હતા.

આંખોની તકલીફને કારણે ધીરે ધીરે સત્યનિષ્ઠ શબ્દોપાસક ચંદ્રકાન્તભાઈનું વાચન ઓછું થયું અને ક્યારેક 'હવે વાંચી નહીં શકાય' એવો વિષાદભર્યો સૂર પણ પ્રગટ કરતા હતા, પરંતુ વિશ્વકોશના સહુ સાથીઓના આગ્રહને વશ થઈને તેમણે થાય ત્યાં સુધી વિશ્વકોશનું કાર્ય કર્યું. આંખની ઝાંખપને કારણે લાઇટની જે પ્રકારે સગવડ જોઈએ એ પ્રકારે ગોઠવણ કરતા રહ્યા. કોશનાં પાનાંની મોટા અક્ષરે પ્રિન્ટ કાઢીને પણ આપતા હતા. ક્યારેક મૅગ્નિફાઇંગ ગ્લાસ લઈને પણ કાર્ય કરતા. એ પછી પણ અમારા સહુના આગ્રહને વશ થઈને ક્યારેક એક-બે કલાક આવતા અને સહુની સાથે ગોષ્ઠી કરતા.

એમનો જન્મદિવસ હોય, ત્યારે વિશ્વકોશનો સમગ્ર સ્ટાફ બૂકે લઈને એમની પાસે દોડી જતો અને એ જોઈને એમનું હૃદય સ્નેહથી ભીંજાઈ જતું હતું. એ પછી પણ એમના જન્મદિવસે વિશ્વકોશના મિત્રો સવારે કેક લઈને એમના ઘેર પહોંચી જતા અને ઉલ્લાસભેર ઉજવણી કરતા. પાછળના સમયમાં એ હંમેશાં કહેતા કે, 'ભલે હું વિશ્વકોશમાં આવી શકતો નથી, પરંતુ મનથી હું આ સંસ્થા સાથે જોડાયેલો છું.' વળી વિશ્વકોશનું નિર્માણ કેવી રીતે થાય અને કેવાં કેવાં સાધનોનો ઉપયોગ કરવો પડે તેના મહત્ત્વના પાઠ અહીં શીખવા મળ્યા, એ ઋણસ્વીકાર પણ વારંવાર કરતા.

એમની જગતને અખિલાઈથી જોનારી એક આંખ સાચપ પર ઠરેલી હતી અને બીજી આંખ સારપને જોતી હતી અને માનતા કે જીવનમાં અણીના સમયે ઈશ્વરનો સધિયારો મળે છે. જોકે આજનું જગત સત્યરૂપ ઈશ્વરની સંનિધિ અને એનું શરણ છોડીને કુટિલતાના કળણમાં ખૂંપતું જાય છે, એનો એમને ભારોભાર અફસોસ રહેતો હતો, પણ એની સાથોસાથ સારપની દિશામાં 'કમ વૉટ મે'ના જુસ્સાથી કવિ નર્મદને યાદ કરીને 'ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું' એ ભાવ પ્રગટ કરતા હતા.

તેઓ વારંવાર એમના પિતા ત્રિકમલાલ માણેકલાલ શેઠનું સ્મરણ કરતા. એમના પિતા ચુસ્ત વૈષ્ણવ. કીર્તન કરે, ભાગવતનું રોજ પારાયણ કરે, ઉલ્લાસથી ઘરમાં રોજ સહુને સંભળાવે, ગામ આખામાં એ ત્રિકમલાલ ભગતને નામે જાણીતા હતા. મોડી રાતના બે વાગ્યા સુધી તેઓ કામ કરતા. પિતાનો પગાર ઓછો એટલે પુત્રને માટે પાઠ્યપુસ્તકો ખરીદવાં પોષાય નહીં, આથી આખેઆખું પાઠ્યપુસ્તક ચંદ્રકાન્તભાઈને ઉતારીને આપતા. આમ ચંદ્રકાન્તભાઈની સરસ્વતીસેવા અને પરિશ્રમના ગુણમાં એમના પિતાની છબી પ્રતિબિંબિત થતી હતી. જ્યારે એમની આધ્યાત્મિકતામાં સાત્ત્વિકતા અને સત્ત્વશીલતા અંતર્હિત હતી. કવિ મકરંદ દવેની પંક્તિ યાદ કરીને કહેતા કે, 'વજન કરે તે હારે રે મનવા, ભજન કરે તે જીતે.' મારા પિતાશ્રી 'જયભિખ્ખુ'નું ચરિત્ર 'જીવતરની વાટે, અક્ષરનો દીવો' અને 'પરમનો સ્પર્શ' એ મારાં બે પુસ્તકોની પ્રસ્તાવના એમણે લખી આપી. આખું પુસ્તક વાંચી જાય, અન્યની માફક માત્ર પુસ્તકનાં પાનાં ફેરવીને પ્રસ્તાવના ક્યારેય લખે નહીં, પછી નિરાંતે લખે, લખ્યા પછી એક-બે સુધારા પણ આવે અને સાથોસાથ કેટલાંક મૂલ્યવાન સૂચનો પણ મળે.

એક બાજુ ઉમાશંકર જોશી, નગીનદાસ પારેખ, અનંતરાય રાવળ અને ધીરુભાઈ ઠાકર જેવા ગુરુઓ પ્રત્યેનો એમનો અસીમ શિષ્યભાવ અને પ્રેમાદર જોવા મળતો. કવિ, નિબંધકાર, વાર્તાકાર, વિવેચક, સંપાદક, અનુવાદક, હાસ્યલેખક અને ચરિત્રલેખક એવા ચંદ્રકાન્ત શેઠ અમારે માટે તો 'ચંદ્રકાન્તભાઈ' કે 'શેઠસાહેબ' હતા.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| અવિરામ સારસ્વતયાત્રાનું અભિવાદન | ૩ | કુમારપાળ દેસાઈ |
| ડૉલર સામે રૂપિયાનું અવમૂલ્યન અને તેના સૂચિતાર્થો | ૬ | પ્રવીણ ક. લહેરી |
| પરિવહનનો ઘોંઘાટ, ગાયબ થઈ જશે ! | ૯ | ચિંતન ભટ્ટ |
| પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રેરકબળ - પ્રકૃતિ | ૧૨ | ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી |
| એસ.ઈ.ઓ. પોઇઝનિંગથી સાવધાન | ૧૪ | હર્ષ મેસવાણિયા |
| શુભ મુહૂર્ત વિશે કેટલુંક શુભ ચિંતન | ૧૬ | રતિલાલ બોરીસાગર |
| ફૂલોની ખેતીની સુવાસ | ૧૯ | પ્રીતિ શાહ |
| પદ્માસને તુષાર.... | ૨૧ | રમેશ ઓઝા |
| ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ | ૨૫ | સુધા ભટ્ટ |
| એનએ આવાસ - કાચની પેટી કે ઘર ! | ૨૮ | હેમંત વાળા |
| તમારા ચહેરાની ભાષા | ૩૦ | કૃષ્ણકાંત ઉનડકટ |
| વિશ્વકોશવૃત્ત | ૩૨ | — |




**ગુજરાતી બાળવિશ્વકોશના દસ ખંડોનું લોકાર્પણ કરતાં મહાનુભાવો સાથે શ્રી ચંદ્રકાન્ત શેઠ**

એમને પદ્મશ્રીનું સન્માન(મરણોત્તર) પ્રાપ્ત થાય છે, તે સમાચાર સાંભળીને વિશ્વકોશમાં સહુનાં હૃદયમાં આનંદનો ઊભરો આવ્યો હતો.

જે સમયે આ સમાચાર મળ્યા, તે સમયે એમના ગુરુ અને વિશ્વકોશના પ્રણેતા ડૉ. ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિ નિમિત્તે વિશ્વકોશભવનમાં પ્રા. રમજાન હસણિયાનું 'મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મ' એ વિષય પર વ્યાખ્યાન ચાલતું હતું. ડૉ. ધીરુભાઈને પણ પદ્મભૂષણનું સન્માન મરણોત્તર મળ્યું હતું. તે સમયે જેવો વસવસો હતો, એવા જ દુઃખનો અમે સહુએ અનુભવ કર્યો. આજે તો ચંદ્રકાન્તભાઈની પંક્તિઓ એમને જ અર્પણ કરીએ. 'હું તો સ્વૈરગતિ, યાત્રા મારી અવિરામ.'

*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સાથે ગાઢ સંબંધ ધરાવનાર શ્રી તુષાર શુક્લને પણ 'પદ્મશ્રી'નું સન્માન મળ્યું. મુરબ્બી ધીરુભાઈ ઠાકર અને તુષાર શુક્લના પિતા દુર્ગેશ શુક્લ બંને ગાઢ મિત્રો હતા. ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અંતર્ગત ચાલતી શ્રી ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિ દ્વારા સ્વ. દુર્ગેશભાઈને નાટ્યલેખન માટે શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ અર્પણ કરવામાં આવ્યો, ત્યારે ધીરુભાઈએ શ્રી દુર્ગેશ શુક્લ સાથેનાં મીઠાં સ્મરણોને યાદ કર્યાં હતાં. શ્રી તુષાર શુક્લએ પણ અવારનવાર વિશ્વકોશમાં માતૃભાષા ગુજરાતી વિશે વક્તવ્ય આપ્યાં છે. એમના કાકા શ્રી જગદીશભાઈ દવેએ વિશ્વકોશને આપેલા 'ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલા-ગૌરવ ઍવૉર્ડ' વખતે પણ એમણે વક્તવ્ય આપ્યું હતું અને વિશ્વકોશ સાથેનો ઘરોબો પ્રગટ કર્યો હતો. એમને અમારા સહુના અંતરના અભિનંદન.

**- કુમારપાળ દેસાઈ**

# ડૉલર સામે રૂપિયાનું અવમૂલ્યન અને તેના સૂચિતાર્થો

મૂલ્ય અંગે અર્થશાસ્ત્રનો નિયમ છે કે જે વસ્તુનો પુરવઠો ઓછો હોય અને જો એની માંગ વધારે હોય, તો તેની કિંમતમાં વધારો થાય. જો માંગ ઓછી હોય અને પુરવઠો વધારે હોય તો તેની કિંમતમાં ઘટાડો થાય છે. દેશોના ચલણનું જ્યારે અન્ય દેશોના ચલણ સાથે વિનિમય કરવાનું થાય, ત્યારે અર્થશાસ્ત્રના નિયમ લાગુ પડે તે સમજી શકાય. તાજેતરમાં ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટ્યું. ૧ ડૉલરના ૮૬ રૂપિયા થયા, ત્યારે અર્થશાસ્ત્રીઓ, રાજપુરુષો, ઉદ્યોગપતિઓ અને સામાન્ય નાગરિકોએ તેના સૂચિતાર્થો અંગે ચિંતા વ્યક્ત કરી. ડૉલર સામે રૂપિયાનું મૂલ્ય ઘટે તેનાં સંભવિત પરિણામોની ચર્ચા એટલા માટે મહત્ત્વની છે કે આપણા આર્થિક વિકાસ પર તેની સીધી અને ઘેરી અસર થાય છે. આ સાંપ્રત સમસ્યાનો વિચાર કરીએ ત્યારે તેની પૂર્વભૂમિકા તપાસવી  જરૂરી છે.

બ્રિટિશ સરકારના વર્ષોના શોષણ બાદ આઝાદી સમયે દેશના ચલણ રૂપિયાનું મૂલ્ય બ્રિટિશ કરન્સી સામે ૧ શિલિંગ અને ૬ પેન્સ હતું. એક બ્રિટિશ પાઉન્ડના રૂ. ૧૩.૩૭ આવતા હતા. આજે એક પાઉન્ડની કિંમત રૂ. ૧૦૪.૭૫ છે. આમ, ૭૭ વર્ષમાં પાઉન્ડ સામે રૂપિયાની કિંમતમાં ધરખમ ઘટાડો થયો છે. ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી ત્યારે કરન્સી એક્સચેન્જની સ્થિતિ અલગ હતી. એક પાઉન્ડના ૪.૦૩ ડૉલરના હિસાબે ગણીએ તો ૧૯૪૭માં એક ડૉલરની કિંમત રૂપિયા ૩.૩૧ હતી. અમુક લોકોની માન્યતા છે કે તે સમયે રૂપિયાનું મૂલ્ય ૧ ડૉલર બરાબર ૧ રૂપિયો હતું, પણ તે વાત સાચી નથી. ૧૯૫૨માં ૪.૫૩ રૂપિયામાં એક ડૉલર ખરીદી શકાતો હતો. આજે એક ડૉલરની કિંમત રૂપિયા ૮૬.૧૫ છે.

આમ જોઈએ તો છેલ્લાં ૭૬ વર્ષમાં રૂપિયો પાઉન્ડ અને ડૉલર સામે અનુક્રમે ૨૬ ગણો અને ૧૩ ગણો ઘટ્યો છે. ૧૯૭૪થી તમામ આંતરરાષ્ટ્રીય વ્યાપારના સોદા ડૉલરમાં થવાની પ્રથા અમલી બનતાં આજે ડૉલર એ સૌથી વધારે ઉપયોગમાં લેવાતું ચલણ બન્યું છે. ચીન, રશિયા, ભારત સહિતના દેશો અને વિશ્વમાં સૌથી વધારે ક્રૂડ ઑઇલનું ઉત્પાદન કરતું સાઉદી અરેબિયા ડૉલરના આ એકાધિકારમાંથી છૂટવા ઇચ્છે છે. સામે પક્ષે અમેરિકા અન્ય કોઈ કરન્સીને વૈશ્વિક બનવા દે તેમ નથી. યુરોપના દેશોનાં સંગઠનોએ મુક્ત વ્યાપાર અને 'યુરો' નામની કૉમન કરન્સી કરી, તે પ્રમાણમાં સફળ રહી છે. વિશ્વવેપારનો હિસાબ ડૉલરમાં થતો હોવાથી દરેક દેશે ડૉલરની પુરાંત રાખવી જરૂરી બની છે. આના કારણે અબજો ડૉલરોની માંગ પૂરી કરવાની થાય છે. અમેરિકા દ્વારા ડૉલર પોતાના આર્થિક વ્યવહારો માટે જ નહીં, પરંતુ તમામ દેશોની આયાત-નિકાસ સાથે સંકળાયેલા હોઈ ખૂબ મોટા પાયે એ ડૉલર છાપતું રહે છે. જોકે અન્ય

દેશોએ ધારણ કરેલા ડૉલર એ અમેરિકા પરનું દેવું છે, જે સતત વધતું જાય છે.



તાજેતરમાં વરાયેલા અમેરિકી પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પ અમેરિકાનાં હિતોની રક્ષા કરવા અનેક દેશોમાંથી થતી આયાતો પર આકરો કર નાખવાની ધમકી આપે છે. જો આમ થાય તો વિશ્વનું અર્થતંત્ર ડામાડોળ થાય તેવી સંભાવના પ્રબળ છે કે ૧૯૯૧ અગાઉ આપણા દેશમાં સરકાર જરૂરી પાસાંઓનો વિચાર કરીને ડૉલર સામે રૂપિયાની કિંમત નક્કી કરતી હતી. આ વિનિમયદરમાં સરકારી નિર્ણય દ્વારા થતો ઘટાડો રૂપિયાના અવમૂલ્યન તરીકે ઓળખાય છે. ભારત સરકારે અગાઉ ૧૯૪૯માં, ૧૯૬૬માં અને ૧૯૯૧માં રૂપિયાનું અવમૂલ્યન કર્યું હતું. ૧૯૯૧ બાદ રૂપિયાને વિદેશી મુદ્રામાં બદલવા માટે બજારમાં માંગ અને પુરવઠાના આધારે મૂલ્યાંકન થાય, તે માટે એને સરકારી નિયંત્રણમાંથી મુક્ત કરવામાં આવ્યો છે. છેલ્લાં ૩૪ વર્ષમાં રૂપિયાનું સતત અવમૂલ્યન થતું રહ્યું છે, તેનાં મુખ્ય કારણોમાં ઊર્જાની જરૂરિયાત માટે આયાત થતાં ક્રૂડ અને ગૅસ, સ્થાનિક બજાર માટે આયાત થતું સોનું અને ચીન પાસેથી ઉત્પાદન અને વપરાશ માટે આવતી અગણિત વસ્તુઓની આયાતને ગણી શકાય. ક્યારેક રૂપિયાના મૂલ્યને ટકાવી રાખવા રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા હસ્તક્ષેપ કરીને ડૉલરનો મોટો જથ્થો વહેંચે છે.

ભારતમાં વર્ષોથી આયાતોની કિંમત નિકાસના મૂલ્યથી વધારે હોઈ વેપારખાધને કારણે રૂપિયાના મૂલ્ય પર ઘણું મોટું દબાણ રહે છે. વિદેશ વસતા ભારતીયો દ્વારા મોકલાતી વિદેશી મુદ્રાના કારણે રૂપિયાની સ્થિતિ જેમતેમ કરીને જળવાઈ રહે છે. માર્ચ, ૨૦૨૪થી ઑક્ટોબર, ૨૦૨૪ના આઠ માસના સમયગાળામાં રિઝર્વ બૅન્કે રૂપિયા ૧૬૦.૪ અબજ ડૉલર વિદેશી મુદ્રા ભંડોળમાંથી વેચ્યા, પરંતુ એપ્રિલની શરૂઆતમાં રૂ. ૮૩.૩૦ રૂપિયાના મૂલ્ય સામે આજે ડૉલરની કિંમતમાં ત્રણ રૂપિયા જેટલો વધારો થયો છે. હવે વર્ષ ૨૦૨૫માં ડૉલર સામે રૂપિયાનું કેટલું અવમૂલ્યન થશે તે તો સમય જતાં ખબર પડશે. અર્થતંત્રનો વિકાસદર ૭.૪ ટકાથી ઘટી ૬.૮ ટકા થવાની ધારણા, મોંઘવારીમાં વધારો અને આયાતનિકાસની રકમમાં વધતી જતી વેપારખાધ રૂપિયાના મૂલ્ય માટે અમંગળનાં એંધાણ ગણવામાં આવે છે. આ સ્થિતિમાં શું શું મુશ્કેલીઓ સર્જાઈ શકે તેના ઉકેલ માટે શું કરવું જોઈએ, તેની આગોતરી વિચારણા થાય અને યોગ્ય પ્રયત્નો થાય તો ઇચ્છિત પરિણામો લાવી શકાય.

સૌથી પ્રથમ તો આપણે ઊર્જાની બચત, વૈકલ્પિક ઊર્જાનાં સાધનોનો વધારે વપરાશ,

સોનું ખરીદવાની ઘેલછા ઓછી કરીએ તો આપણી વેપારખાધમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે. આ સાથે ખાદ્ય તેલો, કઠોળ, ઇલેક્ટ્રિકલ અને ઇલેક્ટ્રૉનિક સાધનોની આયાત ઘટાડવાની શક્યતા રહેલી છે. વિદેશી પ્રવાસોમાં કાપ, વિદેશી સહેલાણીઓને આકર્ષવા તેમજ વિદેશ અભ્યાસ પાછળ ખર્ચાતા ૬૦ અબજ ડૉલર બચાવવા માટે ગંભીર વિચારણા થવી જરૂરી છે.

રૂપિયાના અવમૂલ્યનથી આપણી આયાતી વસ્તુઓ મોંઘી થાય છે. વિદેશમાં અભ્યાસ/પ્રવાસ મોંઘા થાય છે. આયાતો ઘટાડવા માટે ડ્યૂટી નાખવામાં આવે, ત્યારે આપણે ત્યાં તેની કિંમતમાં વધારો થાય છે. અર્થશાસ્ત્રીઓની માન્યતા છે કે દેશના ચલણના અવમૂલ્યનના કારણે નિકાસમાં વૃદ્ધિ થાય છે. જોકે નિકાસ માટે ચલણના મૂલ્ય ઉપરાંત અન્ય પરિબળો પણ મહત્ત્વનાં છે, જેવાં કે ગુણવત્તા, સમયસર નિકાસ, પૅકેજિંગ, ખરીદનાર દેશોનું કરમાળખું એમ અનેક બાબતો નિકાસને અસર કરે છે. વિદેશની સરકારોની વ્યાપારનીતિઓના કારણે ભારત માટે આ વર્ષે ૨૦૨૫માં રૂપિયાના મૂલ્ય અંગે અનેક પ્રશ્નો સામે આવશે તેવી ધારણા છે.

આ ઉપરાંત ચલણના મૂલ્ય માટે વિદેશી કંપનીઓ દ્વારા શૅરબજારમાં થતું રોકાણ અગત્યનો ભાગ ભજવે છે. જ્યારે પરદેશી બૅંકો અને નાણાકીય સંસ્થાઓ શૅરોની ખરીદી કરે છે, ત્યારે રૂપિયો મજબૂત બને છે, પરંતુ જ્યારે તેઓ મોટા પાયે શૅરનું વેચાણ કરે છે, ત્યારે ડૉલરની માંગ વધતાં રૂપિયાનું ઝડપથી અવમૂલ્યન થાય છે.

રૂપિયાના અવમૂલ્યન માટે સૌથી ચિંતાનો વિષય છે કે ૨૦૧૮માં વેપારખાધ વાર્ષિક ૫૮.૦૪ અબજ ડૉલરની હતી, તે વર્ષ ૨૦૨૨માં વધીને ૧૦૧.૨૮ અબજ ડૉલરની થઈ છે. આપણા માટે વ્યાપારનીતિની સમીક્ષા અને સંબંધિત સૌના પ્રયાસોથી આયાતો ઘટાડી અને નિકાસમાં નોંધપાત્ર વધારો કરી શકીએ, તો જ રૂપિયા પરનું દબાણ ઘટી શકે. આ માટે ચીનનું ઉદાહરણ લઈને તેમાંથી અનેક પાઠો શીખવા જેવા છે. જે ચીન સાથે ૧૯૭૫માં ભારત સમકક્ષ ગણાતું હતું તે આજે કમનસીબે ૫૦ વર્ષ બાદ ભારત કરતાં અનેક ક્ષેત્રોમાં પાંચથી છ ગણું આગળ છે. ભારતની વેપારખાધમાં ચીન સાથેના વેપારની ખાધ ટોચ પર છે, આમ છતાં આપણી સરકાર કે અર્થતંત્રનાં ત્રણે ક્ષેત્રમાંથી કોઈ ચીનની આયાત ઘટાડવા કે નિકાસ વધારવા માટે નક્કર કાર્યવાહી કરી શક્યાં નથી. ચીન સાથેના વેપારની સમીક્ષા, પેટ્રોલિયમ પદાર્થોની અને સોનાની આયાતો ઘટાડ્યા વિના રૂપિયાનું અવમૂલ્યન રોકવું કઠિન છે.

૨૦૨૫નું વર્ષ દેશના અર્થતંત્ર માટે ખૂબ નાજુક સ્થિતિ ધરાવે છે. જો છેલ્લાં પાંચ વર્ષમાં થયેલા રૂપિયાના અવમૂલ્યનને રોકવા દૃઢ સંકલ્પ અને અથાક પરિશ્રમ નહીં કરીએ, તો રૂપિયાનું મૂલ્ય ઘટતું રહેશે. નવા નાણાકીય વર્ષમાં ભારત સરકાર રૂપિયાના મૂલ્યને સ્થિર કરવા માટે અગત્યની વ્યૂહરચના જાહેર કરશે તેવી આસ્થા અસ્થાને તો નથી જ.

**પ્રવીણ ક. લહેરી**

# પરિવહનનો ઘોંઘાટ, ગાયબ થઈ જશે !

છેલ્લાં થોડાં વર્ષોમાં આપણા દેશમાં યાતાયાતનાં સાધનો વધુ ગતિશીલ બન્યાં છે અને બનતાં જાય છે. આપણે જમીન પર દોડતાં સાધનોની વાત કરીએ તો ઝડપી ટ્રેનો અને કારોનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે. શહેરની ગીચ વસ્તી વચ્ચેથી મેટ્રો ટ્રેન પસાર થાય છે તો રસ્તા ઉપર બનાવેલા ઊંચા માર્ગો વાહનોથી ભરેલા રહે છે. આ બધાં જ સાધનો પુષ્કળ ઘોંઘાટ ઉત્પન્ન કરે છે. રસ્તાની આજુબાજુમાં આવેલાં શાળાઓ, હૉસ્પિટલો, રહેણાકો વગેરે સંકુલમાં ખલેલ પહોંચાડે છે. શાળાઓ અને હૉસ્પિટલો માટે શાંત વાતાવરણ એક પ્રાથમિક જરૂરિયાત હોય છે. જંગલમાંથી પસાર થતા ધોરી માર્ગ પરનાં વાહનોનો અવાજ અને હેડ લાઇટનો તીવ્ર પ્રકાશ ત્યાં રહેતાં પ્રાણીઓની દિનચર્યા જ ખોરવી નાખે છે. ભલે આપણે આ ઘોંઘાટને સંપૂર્ણ બંધ ન કરી શકીએ, પણ ઓછો તો કરી શકીએ. આ માટે કેટલાક પ્રયત્નો થયા છે.

સમાચાર છે કે દેશનો પ્રથમ સાઉન્ડ પ્રૂફ એક્સપ્રેસ વે દિલ્હી અને દેહરાદૂન વચ્ચે બનાવવાની યોજના છે. આ માર્ગ જ્યારે ઉત્તરાખંડમાં પ્રવેશે છે ત્યારે તે રાજાજી રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થાય છે. તે વાઘનું અભયારણ્ય છે. શિવાલિક ગિરિમાળાનાં જંગલો અનેક પ્રાણીઓનું આશ્રયસ્થાન છે. અહીંથી પસાર થતાં વાહનો અન્ય જીવોને વિક્ષેપ ન પાડે તેવી ‘હાઇ વે ટૅક્નિક’ વાઇલ્ડ લાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના વિજ્ઞાનીઓએ વિકસાવી છે. જંગલમાંથી નીકળતા ૧૨ કિલોમીટરના માર્ગ પરથી પસાર થતાં વાહનોનો ઘોંઘાટ અને પ્રકાશ જંગલમાં ન પહોંચે તેની તકેદારી રાખવામાં આવી છે. ઊંચાઈએથી પસાર થતા માર્ગ પર ૮૦૦ ઊંચા થાંભલા પર લગાવેલી લાઇટો ફક્ત માર્ગને જ પ્રકાશિત કરે તેમ ગોઠવાશે. આ પ્રકારનો હાઇ વે સિવની - મધ્યપ્રદેશ અને નાગપુર - મહારાષ્ટ્ર વચ્ચે પણ નિર્માણ કરવાની યોજના છે. આપણે જેને ‘ફ્લાય ઓવર’ કહીએ છીએ તેવા શહેરોમાં બનાવેલા ઊંચા માર્ગો પર થતા ઘોંઘાટથી તેની આજુબાજુ ખલેલ ન પડે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. મુંબઈના ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ પરના ફ્લાય ઓવરનો પરેલ-માટુંગા-સાયનનો ભાગ કે અમદાવાદના આશ્રમ રોડ ફ્લાય ઓવર પર ઇન્કમટૅક્સ પાસેનો ભાગ આ ટૅક્નૉલૉજીનાં નમૂનારૂપ ઉદાહરણો છે.

આપણે જાણીએ છીએ કે મુંબઈ-અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સ્વાભાવિક છે કે ૩૨૦ કિમી. પ્રતિકલાકની ઝડપે દોડતી ટ્રેનનો અવાજ નિયંત્રિત કરવો જોઈએ. ધ્વનિનિયંત્રણ માટે તેના ૧૦૦ કિમી.ના માર્ગ પર બંને બાજુએ લગભગ બે લાખ ધ્વનિનિયંત્રકો સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ધ્વનિનિયંત્રક એટલે ૨ મીટર ઊંચી અને ૧ મીટર પહોળી લગભગ ૮૪૦ કિલોગ્રામની સિમેન્ટ કૉંક્રીટની



**રસ્તા પરનાં ધ્વનિનિયંત્રકો**

પૅનલ. આ વ્યવસ્થાથી રેલવેલાઇનની આજુબાજુ પ્રસરતા ઘોંઘાટની માત્રા દશથી પંદર ગણી ઓછી થવાનું અનુમાન છે.

ધ્વનિનિયંત્રણ પાછળનું વિજ્ઞાન સમજવા માટે આપણે શાળેય વિજ્ઞાનને યાદ કરી લઈએ. ધ્વનિનું પ્રસારણ ચારે દિશામાં થાય છે, પરંતુ ધ્વનિસ્રોતની આજુબાજુની ભૌતિક પરિસ્થિતિને લીધે તે આપણને એક દિશામાં પ્રસારિત થતો હોય તેમ લાગે છે. સામાન્ય તાપમાને હવામાં ધ્વનિની ગતિ પ્રતિસેકન્ડ ૩૪૩ મીટર હોય છે. માધ્યમ પ્રમાણે ધ્વનિની ગતિ બદલાતી હોય છે જેમ કે લોખંડમાં ૫૧૨૦ મીટર પ્રતિસેકન્ડ તો પાણીમાં ૧૪૮૧ મીટર પ્રતિસેકન્ડ હોય છે. અહીં એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે હવામાં ઉદ્ભવેલો ધ્વનિ ધાતુ કે પાણીની આરપાર પસાર થતો નથી. ધ્વનિની ગતિના ઉદાહરણમાં ધ્વનિતરંગો જે તે માધ્યમમાં ઉદ્ભવ્યા હોય છે. યાદ કરો - હવામાં પ્રસરતા દૂરથી આવતી ટ્રેનના અવાજ કરતાં ટ્રેનનાં પૈડાંના ઘર્ષણથી ઉત્પન્ન થતો અને ધાતુના પાટામાં પ્રસરતો ધ્વનિ વહેલો પહોંચે છે. કૉંક્રીટ, ધાતુ અને કાચ જેવી સખત અને લિસ્સી સપાટી ધ્વનિનું પરાવર્તન કરે છે અને ગ્લાસવુલ, રૂ જેવી પોચી સામગ્રી ધ્વનિનું શોષણ કરે છે. માણસની સાંભળવાની લાક્ષણિકતાને લીધે જ્યારે યોગ્ય માત્રાનો પરાવર્તિત ધ્વનિ મૂળ ધ્વનિથી ઓછામાં ઓછો ૦.૧ સેકન્ડ મોડો કાન પર અથડાય ત્યારે પડઘા પડતા હોય તેવો અનુભવ થાય છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે ખુલ્લા મેદાનમાં ઉત્પન્ન થતો ધ્વનિ મૃત ધ્વનિ લાગે છે. થોડેઘણે અંશે પરાવર્તિત ધ્વનિ જીવંત લાગે છે. સભાગૃહમાં પડઘાના નિયંત્રણ માટે તેની દીવાલો પર ધ્વનિશોષક પૅનલ લગાવેલી હોય છે. સભાગૃહની બંધ સંરચના એટલી ચુસ્ત હોય છે કે ખૂબ ઓછો અંદરનો અવાજ તેમાંથી બહાર છટકી શકે છે. આ પ્રકારની વ્યવસ્થા અનેક કિલોમીટર સુધી વિસ્તરેલા ધોરી માર્ગો કે રેલવે ટ્રૅક માટે કોઈ પણ દૃષ્ટિએ વ્યવહારુ લાગતી નથી. આ માટે પરિવહનના ધ્વનિની દિશા પરાવર્તક વડે બદલી નાખવામાં આવે છે.

સૌથી પહેલો ઘોંઘાટનિયંત્રક માર્ગ અમેરિકાના કૅલિફૉર્નિયા રાજ્યમાં ૧૯૬૦માં બનાવવામાં આવ્યો હતો. ચોક્કસ માર્ગ માટે કમ્પ્યૂટર મૉડલિંગનો ઉપયોગ કરીને ડિઝાઇન કરેલા ઘોંઘાટનિયંત્રક માર્ગની કાર્યક્ષમતા વધી. કમ્પ્યૂટર મૉડલિંગ માટે રસ્તાની ભૂમિતિ, ભૂરચના, વાહનનું કદ અને ગતિ, રસ્તાની સપાટીનો પ્રકાર જેવાં પરિબળોને ધ્યાનમાં લેવામાં આવે છે. વાહનમાં મુસાફરી કરતા યાત્રીઓ દૂર સુધી નજર નાખી શકે તે માટે તેમાં આંશિક પારદર્શક સામગ્રીનો ઉપયોગ થયો. ૧૯૯૦માં આ ટૅક્નૉલૉજી યુરોપના દેશોમાં પહોંચી ગઈ. ૧૯૨૩માં કાર્યરત થયેલા લખનઉના ચારબાગ રેલવે-સ્ટેશનની વિશિષ્ટ સંરચનાને લીધે સ્ટેશન પર આવતીજતી ગાડીઓનો અવાજ સ્ટેશન બહાર સંભળાતો નથી.

ધ્વનિનિયંત્રક એટલે અવાજને રોકવા માટે માર્ગની બંને બાજુએ ઊભી કરેલી આડશ. આ આડશની ઉપરી કિનારી(અથવા તો કોઈ પણ કિનારી)ને સ્પર્શ કરતા ધ્વનિતરંગો પસાર થાય ત્યારે તે નીચેની તરફ થોડા વળે છે. તે કેટલા નીચે તરફ વળે છે તેનો આધાર ધ્વનિતરંગ કિનારી સાથે કેટલો ખૂણો બનાવે છે તેના પર છે. એટલે કે આડશની ઊંચાઈ પર છે. તરંગના આ ગુણધર્મને વિવર્તન (Diffraction) કહેવાય છે. અલબત્ત વિવર્તિત ધ્વનિમાત્રા ઓછી થઈ જાય છે. આડશને કારણે વિવર્તન થતો ઘોંઘાટ ખલેલ ન પહોંચાડે તે મુજબની તેની રચના કરવાની હોય છે. આમ ધ્વનિનિયંત્રકની ઊંચાઈનો આધાર તે ધ્વનિસ્રોતથી કેટલા દૂર છે તેની પર છે. ધ્વનિનિયંત્રકની ડિઝાઇન કરતી વખતે અવાજના વિવિધ સ્રોત જેવા કે ટાયર કે પૈડાંનો અવાજ, ઍંજિનનો અવાજ, ગતિને લીધે કપાતી હવાના (aerodynamic) ધ્વનિને ધ્યાનમાં લેવામાં આવે છે. આ બધા જ અવાજો વાહનના પ્રકાર અને ગતિ પ્રમાણે નોખા નોખા હોય છે અને બદલાય પણ છે. ધ્વનિનિયંત્રક ઉપરાંત માર્ગ પર આવેલી અન્ય સંરચનાઓ પણ પરિવહનને લીધે થતા ઘોંઘાટને અસર કરે છે. હા, વાતાવરણીય પરિબળો પણ અવાજની ગતિને અસર કરે છે. આમ સરળ લાગતાં ધ્વનિનિયંત્રકોની ડિઝાઇન એટલી સરળ હોતી નથી.

ધ્વનિનિયંત્રકોને લીધે મુસાફરો બહારનાં દૃશ્યો માણી શકતા નથી. આડશનો ઉપયોગ બિનઅધિકૃત જાહેરાત કરવામાં થઈ શકે. અલબત્ત તેને આવકનું સાધન પણ બનાવી શકાય. આડશની આસપાસ ગંદકી જમા થવાનો તેમજ તેની ચોરી થવાનો ભય તો રહેલો જ છે. રસ્તા પર ગોઠવેલી આડશને લીધે રસ્તાથી ૧૫થી ૫૦ મીટરના વિસ્તારમાં હવાની ગુણવત્તામાં સુધારો જોવા મળ્યો છે. આડશની છાયામાં આવેલા વિસ્તારમાં તો હવાનું પ્રદૂષણ ૫૦ ટકા જેટલું ઓછું જોવા મળ્યું. રસ્તા ઉપર ઉત્પન્ન થતા પ્રદૂષિત હવાના ગોટા આડશને કારણે ઉપરની તરફ ધકેલાઈને ત્યાંથી વિખેરાઈ જાય છે. વધતાં જતાં પરિવહન અને તેનાં સાધનો, સાથે સાથે રહેઠાણોની ગીચતા ઘોંઘાટનિયંત્રકોની અનિવાર્યતા તરફ અંગુલીનિર્દેશ કરે છે કે પછી માનવી ઘોંઘાટ અને દેકારાથી ટેવાઈ જશે તે તો સમય જ કહેશે.

**- ચિંતન ભટ્ટ**

# પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રેરકબળ - પ્રકૃતિ

એક સંસ્કૃત ઉક્તિમાં કહેવાયું છે કે, 'तुण्डे तुण्डे मतिर्भिन्ना' અર્થાત્, દરેકના મગજમાં જુદા જુદા વિચારો છે. તેમ દરેકમાં જુદી જુદી પ્રકૃતિઓ પડેલી છે. જેમ દરેકની ફિંગરપ્રિન્ટ (આંગળીની છાપ) જુદી હોય છે તેમ જેટલા માણસો તેટલા સ્વભાવો જોવા મળે છે. એટલે જ કહેવાય છે - 'મનુષ્ય સ્વભાવશીલ પ્રાણી છે.' જાતજાતના અને ભાતભાતના સ્વભાવોનો સમૂહ એટલે મનુષ્ય. આવા અનેક સ્વભાવો મનુષ્યની ઓળખાણ બની જતા હોય છે. જેમ કે, કોઈક ચંચળ, તો કોઈ શાંત, કોઈ ક્રોધી, તો કોઈ કપટી, કોઈ સત્યવાદી તો કોઈ જૂઠાબોલા - આવા અનેક સ્વભાવો મનુષ્યમાં રહેલા છે. આ સ્વભાવ-પ્રકૃતિ ટાળવાં ખૂબ કઠણ છે. એટલે કહેવાય છે - 'स्वभावो दूरति क्रमः' । સ્વભાવ ટાળવા અઘરા છે. સ્વભાવ/પ્રકૃતિ કોઈ સ્થૂળ વસ્તુ નથી કે જેને સરળતાથી દૂર કરી શકાય. પગમાં પહેરેલા બૂટ કે શરીર પરનાં વસ્ત્રો કે અલંકારો સરળતાથી ઉતારી શકાય છે. તેટલી જ સરળતાથી સ્વભાવ મૂકી શકાય તેમ નથી એ વાસ્તવિકતા છે. જેમ મોટો પથ્થર તોડવો સહેલો છે, પરંતુ અણુ તોડવો અઘરો છે તેમ સ્વભાવ પણ અણુ કરતાં સૂક્ષ્મ છે. જે જીવ સાથે એકરસ થઈ ગયા છે.

જેમ મૂળા ખાધા પછી ગમે તેટલા લાડુ જમીએ પણ મૂળાનો ઓડકાર આવ્યા વિના રહે જ નહીં. જેમ કડવા લીમડાનાં બીજને શેરડીનું ખાતર નાખીએ તથા સાકરનું પાણી સીંચવામાં આવે તોપણ તેની કડવાશ મટી જતી નથી તેમ માણસ પણ પોતાના સ્વભાવને વશ થઈને જ વર્તે છે.

ઈજિપ્તના પિરામિડના ઐતિહાસિક સંશોધન માટે ખોદકામ કરવામાં આવ્યું હતું. ખોદકામ કરતાં કેટલાક એવા અવશેષો મળી આવ્યા કે જેના પર કંઈક લખેલું હતું. ઈતિહાસવિદોએ હજારો વર્ષો પૂર્વેના એ લખાણને ઉકેલ્યું, તો તેમાં એમ લખેલું માલૂમ પડ્યું કે, 'અત્યારે જમાનો બહુ બગડી ગયો છે. આજથી સો વર્ષ પહેલાં જમાનો ખૂબ સારો હતો.' ખૂબ આશ્ચર્યની વાત તો એ છે કે, આજથી હજારો વર્ષ પૂર્વે લોકો જે બોલતા હતા એવાં જ વિધાનો આજે પણ લોકો બોલે છે કે, આજે જમાનો બગડી ગયો છે. આજથી સો વર્ષ પહેલાં જમાનો સારો હતો. અર્થાત્, આજથી હજારો વર્ષ પહેલાં માનવીની જે વૃત્તિ હતી તેવી જ વૃત્તિઓ આજે પણ છે. કદાચ પ્રવૃત્તિઓ બદલાઈ હશે પણ વૃત્તિઓ બદલાઈ નથી.

ગુજરાતીમાં પ્રસિદ્ધ ઉક્તિ છે,

બાર ગાઉએ બોલી બદલે, તરુવર બદલે શાખા,
બુઢાપામાં કેશ બદલે, પણ લખણ ન બદલે લાખા.

વાંદરો ઘરડો થાય તોપણ ગુલાંટ મારવાનું ભૂલે નહીં તેમ ઉંમર પછી પણ સ્વભાવ ઘટાડવા ખૂબ કઠણ છે. એક ડોશીમાને ચોરી કરવાની ટેવ હતી. તેથી બહાર જતી

વખતે તેમની સાથે જવા કોઈ જ તૈયાર ન થાય. એક વાર કુટુંબમાં લગ્નપ્રસંગમાં ડોશીમાને લઈ જવાની સૌએ ના પાડી. પણ તે તો સૌથી પહેલાં જ ગાડામાં જઈને બેસી ગયાં. બધાંએ નક્કી કર્યું, ‘ભલે આવે, પણ તે ચોરી ન કરે તેનું બરાબર ધ્યાન રાખવું.’ લગ્નપ્રસંગમાંથી પાછા ફરતી વખતે ગાડામાં પાથરેલી રજાઈ ભીની થતી હોય તેવું સૌને જણાયું. બધા એકબીજાને પૂછવા લાગ્યા કે ‘આ શું છલકાય છે ?’ જોયું તો છાશની દોણી છલકાતી હતી. પછી નિરાંતે ડોશીમા બોલ્યાં, ‘આ તો મારો સ્વભાવ છલકાય છે.’ ચોરી કરવા કંઈ ન મળ્યું તો ડોશીમા છાશની દોણી ચોરી લાવ્યાં. આ સ્વભાવ સમય આવ્યે ઝળકી ઊઠે છે.

સ્વભાવને જાણતા હોવા છતાં પણ તેઓ દૂર કરી શકતા નથી. દુર્યોધન ધર્મ અને અધર્મ જાણતો હોવા છતાં બોલ્યો કે,

जानामि धर्मं न च मे प्रवृत्तिः ।
जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥

અર્થાત્ હું ધર્મને જાણું છું પણ તે માર્ગે ચાલી શકતો નથી અને અધર્મને પણ જાણું છું છતાં તે માર્ગેથી પાછો વળી શકતો નથી. દુર્યોધન જ્ઞાની હોવા છતાં સ્વભાવ છોડી ન શક્યો. એટલે જ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે -

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥ (३/३३)

અર્થાત્ સર્વ પ્રાણી પ્રકૃતિને પામે છે એટલે પોતાના સ્વભાવને વશ થઈને કાર્યો કરે છે. જ્ઞાની પણ પોતાની પ્રકૃતિને અનુસરીને જ ચેષ્ટા કરે છે.

આમ પ્રત્યેક પ્રવૃત્તિનું પ્રેરકબળ પ્રકૃતિ છે, જે કાર્ય રૂપી રથના ઘોડા જેવું કામ કરે છે. તેને ઓળખીને જીવનપથ પર આગળ વધીએ.

**- ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી**

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાતી વિશ્વકોશ દ્વારા એક નવું આયોજન ચાલે છે. દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે વિશ્વકોશ દ્વારા આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ફેબ્રુઆરી મહિનામાં ૨જી ફેબ્રુઆરીએ ‘વહેંચીને ખાવાનો આનંદ’ અને ૧૬ ફેબ્રુઆરીએ ‘હાય ! હાય ! મારા પૈસા ?’ વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૯ ફેબ્રુઆરીએ ‘સિંહ અને શિંગડાં’ અને ૨૩ ફેબ્રુઆરીએ ‘ઝાડ માથે ઝૂમખડું’ વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# એસ.ઈ.ઓ. પોઇઝનિંગથી સાવધાન

આજના ટૅક્નૉલૉજીના જમાનામાં યૂઝર્સના ડેટા સૌથી મહત્ત્વના છે. યૂઝર્સને કોઈ ને કોઈ રીતે પ્રભાવિત કરવા માટે ડેટા ખૂબ જરૂરી છે. આપણા ડિવાઇસની સ્ક્રીન પર આપણે જે જોઈએ છીએ, એના આધારે ડેટાનું પૃથક્કરણ કરીને આપણને એ પ્રમાણે જાહેરાતો બતાવાય છે. આપણે જે પ્રોડક્ટ, સ્થળ કે ટિકિટ એવું કશુંય સર્ચ કરીએ, એના પરથી એ પ્રકારની જાહેરાતો સતત બતાવીને પ્રભાવિત કરવાની કોશિશ થતી રહે છે.

આ બધો ખેલ ડેટાનો છે. આપણે શું જોઈએ છીએ, કેટલું જોઈએ છીએ, કેટલી વાર સુધી જોઈએ છીએ એ તમામ બાબતો પરથી આપણી પસંદ-નાપસંદ નક્કી થતી હોય છે. આ એક પ્રકારનો ડેટા થયો. બીજા પ્રકારનો ડેટા એ થયો કે જેમાં આપણી અંગત વિગતો હોય. નામ-સરનામું-મોબાઇલ નંબર-ક્રેડિટ-ડેબિટ કાર્ડ-પીન-આધાર-પાન-બૅન્ક એકાઉન્ટ જેવી વિગતોને પર્સનલ ડેટા કહેવાય છે અને એ સૌથી સંવેદનશીલ છે. તેનો દુરુપયોગ થાય, તો ઘણું મોટું આર્થિક નુકસાન પણ થઈ શકે છે. આપણા સર્ચના ડેટાના આધારે વધુમાં વધુ આપણને જે ઑનલાઇન એડવર્ટાઇઝ બતાવવામાં આવે છે તેને પ્રભાવિત કરવામાં આવે છે, પરંતુ અંગત ડેટા ચોરાય, ત્યારે કંઈ કેટલીય બાબતો પર અસર થાય છે. આથી જ હેકર્સ યૂઝર્સનો પર્સનલ ડેટા મેળવવા સૌથી વધુ સાઇબર ઍટેક કરે છે. એમાં અજાણી લિંક મોકલવાથી લઈને માલવેર સુધીની તરકીબો અજમાવવામાં આવે છે. એમાં હવે નવી તરકીબ ઉમેરાઈ છે, જેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. એને એસ.ઈ.ઓ. પૉઇઝનિંગ કહેવામાં આવે છે. એસ.ઈ.ઓ. એટલે સર્ચ એન્જિન ઓપ્ટિમાઇઝર. આપણે જે સર્ચ કરીએ છીએ, એનું જે પરિણામ મળે છે તે એસ.ઈ.ઓ.ને આભારી છે. એસ.ઈ.ઓ. ટોટલ વેબટ્રાફિકમાંથી આપણા સર્ચના કીવર્ડ પરથી ચોક્કસ વેબસાઇટ સુધી દોરી જાય છે. એક રીતે આપણે જે સર્ચ કરીએ એ ખાસ શબ્દને ધ્યાનમાં રાખીને ખાસ વેબસાઇટ સુધી લઈ જાય છે. સર્ચ એન્જિનમાં કીવર્ડ્સનું મહત્ત્વ પારખીને જ હવે મોટી કંપનીઓ વેબસાઇટ માટે એસ.ઈ.ઓ. એન્જિનિયરની મદદ મેળવે છે. એ એક્સપર્ટ્સ યૂઝર્સને ચોક્કસ વેબસાઇટ સુધી લાવે છે.

હવે આ જ ટૅક્નિકનો હેકર્સ દ્વારા નૅગેટિવ ઉપયોગ થઈ રહ્યો છે. એસ.ઈ.ઓ.માં ઝેર ભેળવાતું હોવાથી તેને એસ.ઈ.ઓ. પૉઇઝનિંગ કહે છે. હેકર્સ આ ટૅક્નૉલૉજીનો દુરુપયોગ કરીને એવું ષડયંત્ર ગોઠવે છે કે સેંકડો યૂઝર્સ એ જાળમાં ફસાઈ જાય છે. આપણી આસપાસ જે ઘટનાની સૌથી વધુ ચર્ચા થતી હોય અને જે જાણવા માટે આપણે ઉત્સુક હોઈએ, એ કીવર્ડ્સ સાથે હેકર્સ રમત કરે છે. એસ.ઈ.ઓ.માં એક રીતે વાઇરસ મૂકી દેવામાં આવે છે. દા.ત. ભારત-ઑસ્ટ્રેલિયા ટેસ્ટ મૅચ સૌથી વધુ સર્ચ થતું હોય



તો એને લગતા કીવર્ડ્સથી એસ.ઈ.ઓ.ને પ્રભાવિત કરે છે. પછી આપણે એ કીવર્ડ્સથી જે રિઝલ્ટ મળે તે ઓપન કરીએ તો પહેલી નજરે કશી ગરબડ થયાનું લાગતું નથી. ખોટી વેબસાઇટ કે વેબલિંક પર આપણે પહોંચ્યા હોઈએ છીએ એવો ખ્યાલ એટલે પણ નથી આવતો, કારણ કે દરેક બાબત એવી વ્યવસ્થિત રીતે બતાવાય છે કે આપણને એમાં ગોટાળો થયાનો અંદાજ આવતો નથી.

પરંતુ આવી લિંક એક પ્રકારની ટ્રેપ હોય છે. ઘણી વખત વેબસાઇટનું એક્સટેન્શન બરાબર દેખાતું હોય. આપણને જોઈતી માહિતી માટે આપણે ક્લિક કરીએ, પછી એમાંથી અન્ય લિંક ઓપન થાય છે. જેને ટૅક્નિકલ ભાષામાં 'રિડાયરેક્ટ' કહેવાય છે. એમાં માલવેર હોય છે અને એ આપણા ડિવાઇસમાં ઘુસાડવાની કોશિશ થાય છે. જો ઍન્ટિવાઇરસ કે મોબાઇલની સિક્યુરિટી નબળી હોય તો આ માલવેર ડિવાઇસમાં દાખલ કરે છે અને હેકર્સ તેનાથી આપણો ડેટા ચોરી લે છે.

નેટબૅન્કિંગના પાસવર્ડ્સ, ગૂગલપે-ફોનપેના પીન, બૅન્ક એકાઉન્ટસની વિગતો પર હેકર્સ નજર રાખે છે. એને એમાંથી કશું મળી જાય તો આર્થિક છેતરપિંડી થાય છે. માલવેર એક વખત ડિવાઇસમાં આવે પછી એ ભારે ચુપકીદીથી કામ કરે છે. એ ડેટા ચોરે છે એનો આપણને અંદાજ પણ આવતો નથી. ઘણી વખત મોબાઇલમાં ભેદી ફાઈલો બની જતી હોય છે, પણ એનો અણસાર તરત આવતો નથી.

આ આખી પ્રક્રિયા એસ.ઈ.ઓ. પૉઇઝનિંગથી ઓળખાય છે. એમાંથી બચવા માટે સૌથી જરૂરી બાબત વપરાશકર્તાની જાગૃતિ છે. કોઈ અજાણી લિંક પર ક્લિક ન કરવું, સુરક્ષાના યોગ્ય ઉપાયો કરવા, લૅપટૉપ અને ડેસ્કટૉપમાં ઍન્ટિવાઇરસ ઇન્સ્ટોલ કરવો જરૂરી છે. તે સિવાય વેબસાઇટના એક્સટેન્શન વખતે ખાસ ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે ઑથેન્ટિક લિંકની આગળ WWW પહેલાં https: હોય છે એટલે લિંકમાં કંઈ ગરબડ જણાય, તો પહેલાં આ બાબત બરાબર ચકાસી લેવી.

આવી જાગૃતિ રાખીને જ એસ.ઈ.ઓ. પૉઇઝનિંગથી બચી શકાય છે. અજાણી લિંક ઓપન કરતી વખતે સાવધાની રાખવી અને આપણા ડિવાઇસના ઇન્ટરફેસમાં જરા સરખી ભેદી ગતિવિધિ થાય તો ચેતી જવું.

**- હર્ષ મેસવાણિયા**

# શુભ મુહૂર્ત વિશે કેટલુંક શુભ ચિંતન

દરેક શુભ કામમાં મુહૂર્ત જોવાય છે. લોકશાહીમાં ચૂંટણી શુભ ઘટના કહેવાય. જોકે વારંવાર આવી પડતી ચૂંટણી લોકશાહી માટે શુભ કહેવાય કે કેમ તે પ્રશ્ન છે, પણ ચૂંટણીનું ફૉર્મ ભરતી વખતે બધા નહિ તો મોટા ભાગના ઉમેદવારો મુહૂર્ત સાચવવા પ્રયત્ન કરે છે. બિનસાંપ્રદાયિક ગણાતા અને/અથવા ગણાવડાવતા ઉમેદવારો પણ મુહૂર્ત સાચવવાની કાળજી રાખે છે, બધા નહિ તો કેટલાક તો રાખે જ છે.

લગ્ન જેવી જીવનની, જીવન માટેની, જીવન દ્વારા સંપન્ન થતી ઘટનામાં મુહૂર્ત જોવાય તે સમજી શકાય એવું છે, પણ ચૂંટણીમાં મુહૂર્ત સાચવવાની શી જરૂર ? આવો પ્રશ્ન થઈ શકે, પણ આવો પ્રશ્ન અસ્થાને છે. ચૂંટણી લગ્નની જેમ જ જીવનની, જીવન માટેની, જીવન દ્વારા સંપન્ન થતી ઘટના છે. કેટલાક સંતાનસુખ ધરાવતા નેતાઓ તો એમનાં સંતાનોને ચૂંટણી વારસામાં પણ આપતા જાય છે. એટલે ચૂંટણી જેવી મહત્ત્વની ઘટનામાં મુહૂર્ત જોવામાં આવે એમાં કશું ખોટું નથી. લગ્ન અને ચૂંટણીમાં બીજું પણ એક સામ્ય છે. બંનેમાં લડવાનું આવે છે. અલબત્ત, ચૂંટણીમાં ચૂંટણી પહેલાં, ચૂંટાવા માટે લડવાનું હોય છે, ત્યારે લગ્નમાં લગ્ન બાદ લડવાનું હોય છે !

લગ્નમાં તો ડગલે ને પગલે મુહૂર્ત જોવાનું હોય છે. 'શુકન જોઈ ઘોડે ચડો રે વરરાજા' એવું એક લગ્નગીત છે. જોકે શુકનને જોવા કરતાં ઘોડાને જોઈને એના પર ચડવાનું વરરાજા માટે વધુ સલામતીભર્યું ગણાય. અમારા એક મિત્ર લગ્નમાં એકઠા થયેલા સાજનમાજનને જોઈને વીરરસમાં આવી ગયા હતા. વરરાજાને લગ્નને માંડવે લઈ જવા માટે એક ઘોડાને શણગારીને લાવવામાં આવ્યો હતો. ત્રણ-ચાર જણની મદદથી સારા મુહૂર્તમાં અમારા વરરાજામિત્રને ઘોડા પર ચડાવવામાં આવ્યા. ઢોલનગારાં સાજનમાજન હાથમાં તલવાર ને માથે સાફો - વરરાજામિત્ર ઉશ્કેરાયા. ઘોડાના પડખામાં બૂટની અણી જરા જોરથી અડાડી ને ઘોડો ઉશ્કેરાયો. એકદમ વૃક્ષ થઈ ગયો. વરરાજાનો સાફો નીચે પડી ગયો ને આંખો ઊંચે ચડી ગઈ. ઘોડાવાળાએ સમયસર ઘોડાને ઝાલી લીધો ન હોત તો વરરાજાનો ભૂમિપાત નિશ્ચિત હતો. વરરાજા પડ્યા તો નહિ, પણ એમનું બ્લડપ્રેશર લો થઈ ગયું. શુકન જોઈ ઘોડે ચડેલા વરરાજા લગ્નના માંડવે પહોંચ્યા તો ખરા - પણ હૉસ્પિટલે થઈને પહોંચ્યા.

લગ્નમાં હસ્તમેળાપના સમયમાં એટલે કે હસ્તમેળાપનો સમય નક્કી કરવામાં મુહૂર્ત સાચવવાનો સંનિષ્ઠ પ્રયત્ન થાય છે એટલે જ હસ્તમેળાપનો સમય આપણી ટ્રેનોના સમયની જેમ અગિયાર ને તેત્રીસ મિનિટ, બાર ને સુડતાળીસ મિનિટ, નવ ને ઓગણસાઠ મિનિટ એવો હોય છે. ગયા વર્ષે એક મિત્રની પુત્રીનાં લગ્ન હતાં. લગ્નમાં

મારે સમયસર એટલે કે હસ્તમેળાપના સમયે એટલે કે સવારના નવ ને ત્રણ મિનિટે હાજર રહેવું એવી મિત્રની ભાવના હતી, જે એમણે આજ્ઞાના સૂરમાં પ્રગટ કરી હતી. એક બસ ચૂકી ગયો ને બીજી બસ ભરાયેલી આવી એટલે ઊભી ન રહી. ત્રીજી બસની રાહ જોવા રહું તો હસ્તમેળાપનો સમય ચૂકી જાઉં ને મિત્રને દુઃખ થાય એટલે ખાસ્સો એવો રિક્ષાખર્ચ કરીને હું નવ વાગ્યે - નિર્ધારિત સમય કરતાં ત્રણ મિનિટ વહેલો પહોંચી ગયો તો કન્યાએ હજુ મંડપમાં પદાર્પણ જ નહોતું કર્યું ! એ પછી મોડા આવેલા વ્યવહારદક્ષ મિત્રોએ સમજાવ્યું કે, હસ્તમેળાપો ભાગ્યે જ સમયસર થતા હોય છે. ત્યારથી હસ્તમેળાપ માટે વર-કન્યાને  ખાસ કરીને વરને ભલે ઉતાવળ હોય, પણ આપણે પહોંચવામાં ઉતાવળ ન કરવી એવું મેં નક્કી કર્યું છે.

અમારા એક મિત્રનાં લગ્ન, વર્ષો પહેલાં, કાળ ચોઘડિયામાં થયાં હતાં. લગ્ન તો સારા મુહૂર્તમાં જ રાખ્યું હતું, પણ ટ્રેન એટલી બધી મોડી પહોંચી કે શુભ ચોઘડિયાં જતાં રહ્યાં. સારા ચોઘડિયાની રાહ જુએ તો પાછી ફરતી ટ્રેનમાં જાન પાછી વળી ન શકે (અલબત્ત ટ્રેન સમયસર હોય તો) અને જાનને ચોવીસ કલાક વધુ રોકાવું પડે, જે એકેય પક્ષને ફાવે એવું નહોતું. એટલે ગોરમહારાજે પછીથી દોષનિવારણની કશીક વિધિ કરવાની ખાતરી આપી અને કાળ ચોઘડિયામાં હસ્તમેળાપ કરાવ્યો. પણ એમનો લગ્નનો કાળ ઘણો સુખદ નીવડ્યો. કાળ ચોઘડિયામાં લગ્ન કરવા છતાં પોતે સુખી થયા એ અંગે મિત્રનું આશ્ચર્ય હજુ શમ્યું નથી. જ્યારે મિત્રનાં પત્ની એમ માને છે કે ગોરમહારાજે દોષનિવારણની વિધિ કરી એટલે જ અમે સુખી થયાં !

હું મુહૂર્ત-બુહૂર્તમાં માનતો નથી એવું માનવાનું - ખાસ કરીને બીજાંઓને મનાવવાનું મને ગમે, પણ મુહૂર્ત જોયા વગર શુભ કામો કરવાનું સાહસ મેં કદી કર્યું નથી; જોકે બીજાંઓએ કરવા દીધું નથી એવું કહેવું હોય તો કહી શકાય. પણ ધારો કે બધાં મને કોઈ શુભ કામ ખરાબ ચોઘડિયામાં કરવાની રજા આપે તો હું કરું જ એવું ખાતરીપૂર્વક કહી શકતો નથી. મારા લગ્ન વખતે અમારા પક્ષે ત્રણ અને મારા શ્વશુરના પક્ષે ચાર જ્યોતિષીઓને કન્સલ્ટ કરવામાં આવ્યા હતા. પરિણામે મારાં લગ્ન છ મહિના પાછાં ઠેલાયાં હતાં. લગ્ન થયાં ત્યારે શુભ ચોઘડિયામાં જ થયાં, પણ એથી કંઈ વિશેષ લાભ થયો હોય એવું મારી પત્નીને લાગતું નથી !

કોઈ પણ કામ શરૂ કરવું તો સારા ચોઘડિયામાં જ કરવું એવી ગ્રંથિ કાયમ મારા મનમાં રહી છે. સવારે ચાલવા જવાનું શરૂ કરવું તો સોમવારે જ શરૂ કરવું ને સારા ચોઘડિયામાં જ શરૂ કરવું એવું મારા મનમાં હતું. સોમવારે એલાર્મ ન સંભળાય ને વહેલાં ન ઉઠાય તો પછી પછીના સોમવારે વાત જાય. આમ, પછી ચાલવાનું શરૂ કરવાનો સોમવાર આવ્યો જ નહિ ! બે વર્ષ પહેલાં હાઈ બ્લડપ્રેશરની  તકલીફ થઈ એટલે વારવાંકડો જોયા વગર સવારે ફરવા જવાનું શરૂ કરી દીધું. માંદગી ચોઘડિયાં જોયા વગર આવે છે તો સાજા થવા માટે ચોઘડિયાં જોવા ન રહેવું એવું ડહાપણ હવે

આવ્યું છે. એ જ રીતે ભણતો ત્યારે વાંચવાનું ગુરુવારે જ શરૂ કરવું - 'વિદ્યારમ્ભે ગુરો શ્રેષ્ઠ' - એવો ખ્યાલ મનમાં દઢ થઈ ગયો હતો. એમાંય ફરવા જવા જેવું જ થતું. જે ગુરુવારથી વાંચવાનું શરૂ કરવું હોય તે ગુરુવારે વહેલાં ન ઉઠાય, પછીના ગુરુવારે બહારગામ જવાનું થાય ને તે પછીના ગુરુવારે તબિયત બગડે - એમ એકાદ દોઢ મહિનો નીકળી જતો. પરીક્ષાના છેલ્લા ત્રણ મહિના વાંચવાનું એમાં એક દોઢ મહિનો આ રીતે કપાઈ જાય. આ કારણે ઇન્ટર આર્ટ્સમાં એક વાર નાપાસ થયેલો.

હમણાં મેં એક ખુરશી બનાવડાવી. દેવદિવાળીએ મુહૂર્ત કરવા સારુ મેં ખુરશીના નિર્માતાને ઘણી ઉતાવળ કરાવી. આ કારણે એક વાર આ કાષ્ઠ કલાકાર(સુથાર)ને પગ પર કરવતીનો ઘસરકો થઈ ગયો. એની પીડાને કારણે એમને બે દિવસ તાવ આવી ગયો. આમ છતાં, એમણે મુહૂર્ત સાચવ્યું ને દેવદિવાળીએ હું નવી ખુરશી પર બિરાજમાન થયો.

*

દર વર્ષે પંદરમી ડિસેમ્બરથી ચૌદ જાન્યુઆરી સુધીનો સમય કમૂરતાંનો સમય ગણાય છે. આ એક મહિનો લગ્નો થતાં નથી. ગોરપદાનું કામ કરતા અમારા એક મિત્રને આ દિવસોમાં કોઈ પૂછે કે 'શું ચાલે છે ?' તો એ કહે છે 'યુદ્ધવિરામ ચાલે છે.'

**- રતિલાલ બોરીસાગર**

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. આપને ઘણા લાંબા સમયથી 'વિશ્વવિહાર' મોકલવામાં આવે છે. આપનું લવાજમ પૂરું થઈ ગયું હોય તોપણ કદાચ આપને 'વિશ્વવિહાર' મળતું હશે. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટેક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481
Bank Name : Bank Of Baroda, Usmanpura Branch
IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

# ફૂલોની ખેતીની સુવાસ



આત્મ સ્વરૂપ

અમદાવાદના આંગણે યોજાતા ફ્લાવર શોમાં લાખો લોકો ઊમટી પડે છે અને કુદરતે સર્જેલાં આ ફૂલોના સૌંદર્યને જોઈને આનંદ માણે છે. રંગબેરંગી ફૂલો અને એના જુદા જુદા આકારો જોઈને ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. ઘણા લોકો ફ્લાવર વેલી જોવા ઉત્તરાખંડ, સિક્કિમ કે પરદેશ જતા હોય છે. હિમાચલ પ્રદેશનું પ્રસિદ્ધ પર્યટનસ્થળ ચાયલ પણ તેની ફૂલોની ખેતી માટે જાણીતું છે. દેવદારનાં હર્યાંભર્યાં વૃક્ષોની વચ્ચે પ્રકૃતિની ગોદમાં આ ચાયલ આવેલું છે. ચાયલના અત્યંત નાના ગામ મહોગમાં આત્મ સ્વરૂપ નામના ખેડૂતે ફૂલો ઉગાડવાનું શરૂ કર્યું. આજે સિત્તેર વર્ષના આત્મ સ્વરૂપ ગામ મહોગમાં ફૂલોની ખેતી કરે છે. વર્ષો પહેલાં તો આ ગામમાં શાકભાજી અને પરંપરાગત અનાજની ખેતી થતી હતી, પરંતુ મહારાજા પટિયાલાના મહેલમાં કામ કરનાર માળી આ મહોગ ગામનો રહેવાસી હતો. તેણે આત્મ સ્વરૂપને ફૂલોની ખેતી કરવા કહ્યું. આત્મ સ્વરૂપે એની પાસેથી ગ્લેડિયોલસ ફૂલની કલમ લીધી અને ખેતરમાં લગાવી. તે વર્ષે ફૂલોનું સારું ઉત્પાદન થયું અને પાંત્રીસ હજારની કમાણી થઈ. આ જોઈને આત્મ સ્વરૂપે નક્કી કર્યું કે હવેથી તે પોતાનાં ખેતરોમાં અનાજ કે શાકભાજીને બદલે ફૂલોની ખેતી કરશે.

૧૯૯૦-૯૧થી આત્મ સ્વરૂપે ફૂલોની ખેતી કરવાનું શરૂ કર્યું, તે આજ દિન સુધી ચાલુ છે. તેમણે પોતાના પરિવારને પણ શાકભાજીને બદલે ફૂલોની ખેતી કરવા માટે માનસિક રીતે તૈયાર કરી દીધો. દિલ્હીના એક ખરીદી કરનારે એમના નાના ખેતરમાં જે ફૂલો ઊગે તે નેવું હજારમાં ખરીદશે તેવો વાર્ષિક કરાર કર્યો. તેને કારણે આત્મ સ્વરૂપને લાગ્યું કે ફૂલોની ખેતી નફાકારક વ્યવસાય છે, તેથી તેના ત્રણેય ભાઈ ફૂલોની ખેતી કરવા લાગ્યા. આજથી ત્રણ દાયકા પહેલાં આત્મ સ્વરૂપે ફૂલોની ખેતી શરૂ કરી તે વધીને આજે ગામની ૮૫ ટકા જમીન પર ફૂલોની ખેતી થાય છે. આત્મ સ્વરૂપ કહે છે કે ગામમાં ફૂલોની ખેતી માટે આબોહવા અને વાતાવરણ સારું છે, જેને કારણે ફૂલોની ગુણવત્તા સારી થાય છે. અહીં કારનેશન, લિલિયમ, ગુલદાવરી, ગિપ્સોફિલા, લિમોનિયન અને ગલાદાલુસ જેવાં વીસ પ્રકારનાં ફૂલોની ખેતી થાય છે. પટિયાલા મહારાજાના મહેલના બગીચામાંથી જે જે ફૂલોની દાંડીને નકામી અને ખરાબ સમજીને

બહાર ફેંકી દેતા હતા તેમાંથી આત્મ સ્વરૂપ કલમ બનાવીને રોપી દેતા હતા. આ રીતે ફૂલોની ખેતીની શરૂઆત તો કરી, તેનું ઉત્પાદન પણ સારું થવા લાગ્યું, પરંતુ તેને વેચવા માટે બજાર સુધી કેવી રીતે પહોંચાડવાં તે સમસ્યા ઊભી થઈ. પહેલાં તો ફૂલોને બસની છત પર રાખીને ચાયલથી વીસ કિમી. દૂર કંડાઘાટ પહોંચાડવાનું શરૂ કર્યું. કંડાઘાટથી રેલવે દ્વારા પચાસ કિમી. દૂર કાલકા પહોંચાડતા અને પછી ત્યાંથી બીજી ટ્રેનમાં અંબાલા થઈને પછી દિલ્હીના ફૂલબજારમાં તે ફૂલ પહોંચતાં હતાં, પરંતુ આ રીતે ફૂલ પહોંચાડવામાં મુશ્કેલી એ હતી કે ઘણી વાર બજાર સુધી પહોંચતાં પહોંચતાં ફૂલ કરમાઈ જતાં.

ધીમે ધીમે ગામના અન્ય ખેડૂતો પણ ખેતરોમાં ફૂલ ઉગાડવા માટે સંમત થઈ ગયા. જ્યારે ગામના અન્ય લોકો પણ ફૂલની ખેતી કરવા લાગ્યા તો ફૂલોનું ઉત્પાદન વધી ગયું, તેથી ગામમાંથી જ ગાડી દ્વારા ફૂલો સીધાં દિલ્હીના ફૂલબજારમાં પહોંચાડવાનું શક્ય બન્યું, કારણ કે ઉત્પાદન વધતાં ખર્ચ વહેંચાઈ જવા લાગ્યો. આજે તો પરિસ્થિતિ એવી છે કે દર ત્રીજે દિવસે મોટી લૉરી ભરીને ફૂલો દિલ્હી જાય છે. ફૂલોની ગુણવત્તા એટલી સારી હતી કે એના ખરીદનારમાં ઉત્તરોત્તર વધારો થવા લાગ્યો.

અહીં ભારતનાં અલગ અલગ રાજ્યોમાંથી જ નહીં, પરંતુ વિદેશોથી પણ સંશોધકો આવે છે અને અહીંની આબોહવા પર સંશોધન કરે છે. મહોગ ગામ અને તેની આસપાસનાં ડઝનેક ગામોમાં ફૂલોની ખેતી થાય છે અને તે દ્વારા ૪૫ કરોડ રૂપિયાનો વ્યવસાય થાય છે. ધીમે ધીમે હવે હિમાચલ પ્રદેશમાં આશરે ૮૫૦ હેક્ટર જમીન પર માત્ર ફૂલોની ખેતી થાય છે. ફૂલોની ખેતીમાં મળતા વળતરને જોઈને જે યુવાનો ગામની બહાર શહેરમાં નોકરી માટે જતા હતા તે અભ્યાસ કરીને પાછા પોતાના ગામ આવી જાય છે અને માતા-પિતાએ શરૂ કરેલા આ વ્યવસાયને અપનાવીને તેને આગળ વિકસાવે છે. આત્મ સ્વરૂપે અત્યાર સુધીમાં હજારો ખેડૂતોને ફૂલોની ખેતી કરતાં શીખવ્યું છે. મહોગ ગામમાં યુનિવર્સિટીના પ્રોફેસર, ખેડૂતો અને ઘણા ખ્યાતનામ લોકો આ ખેતી જોવા આવે છે. આત્મ સ્વરૂપ જણાવે છે કે શરૂઆતમાં તો ફૂલોને અમે ખુલ્લાં ખેતરોમાં ઉગાડતા હતા, પરંતુ એક વખત હોલૅન્ડના વૈજ્ઞાનિક આવ્યા અને એમણે કહ્યું કે ફૂલોની ખેતી ખુલ્લામાં ન કરતાં પૉલીહાઉસમાં કરવી જોઈએ. ત્યારબાદ પૉલીહાઉસમાં ફૂલો ઉગાડવાનું શરૂ કર્યું, તો ફૂલોની ગુણવત્તા ઘણી સારી થઈ અને ફૂલોમાં થતી બીમારીઓનું પ્રમાણ ઘટી ગયું. ફૂલોમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા મળવા લાગી. આત્મ સ્વરૂપ ત્રણ વર્ષ ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચની નૅશનલ ઍડવાઇઝરીમાં રહી ચૂક્યા છે અને તેમને ફૂલોની ખેતી માટે એકસોથી વધુ સન્માન મળી ચૂક્યાં છે. હિમાચલ પ્રદેશમાં એક સમયે ટમેટાં, બટેટાં, શિમલા મિર્ચ વગેરેની ખેતી થતી હતી ત્યાં આત્મ સ્વરૂપની સૂઝબૂઝ અને પરિશ્રમને કારણે ફૂલોની ખેતી થાય છે. જે હિમાચલ પ્રદેશનો દોઢસો કરોડનો વ્યવસાય બની ચૂક્યો છે. આત્મ સ્વરૂપને હિમાચલ પ્રદેશનાં ફૂલોની ખેતીના જનક માનવામાં આવે છે.

**- પ્રીતિ શાહ**

# પદ્માસને તુષાર....

'પદ્મશ્રી' મળ્યાના સમાચાર સાથે મેં તુષાર શુક્લને ગૌરવ સહ અભિનંદન પાઠવ્યા. ત્યાં દસેક મિનિટમાં 'સ્પોન્ટેઇનિઅસ ઓવરફ્લો ઑફ પાવરફુલ ફીલિંગ્ઝ'(ઉત્કટ લાગણીનો સાહજિક આવિર્ભાવ)ની અભિવ્યક્તિરીતિ-ન્યાયે વળતો સંદેશો આવ્યો.

'મિત્ર પ્રકૃતિના સાન્નિધ્યમાં છું. અહીં હીંચકો નથી,
તોય ઝૂલું છું. કૉફી છે, તન્વી શ્યામા, અલસ હરતી.
'હું' ઓગળી ગયો છે, સહુના સતત વરસતા સ્નેહારની
વર્ષામાં.
મારો શબ્દ, મારી અનુભૂતિની અભિવ્યક્તિનો વાહક
પેઢી વચ્ચેનાં અંતરને ઓગાળવા મથતો રહ્યો છે. એના
સન્માનની આ ક્ષણ.
એનો સાદર સ્વીકાર, સસ્નેહ આભાર.
આપનો તુષાર'

અહીં વાંચી, અનુભવી શકાય છે - ઉત્કટ છતાં સમ્યક્ આનંદની સંયત, સહૃદયી અભિવ્યક્તિ. સહૃદયતા એમના ઋજુ હૃદયનો - વ્યક્તિત્વનો વિશેષ છે, તો સરળ, સહજ અભિવ્યક્તિનું સૌંદર્ય એમની ભાષાનો વિશેષ છે. પોતે લખે છે, એવું બોલે છે. એમના કાર્યક્રમો જોતાં આપણે અનુભવ્યું છે કે એમની પ્રકૃતિગત સહૃદયતા, અવાજના અસરકારક વૉઇસ મૉડ્યુલેશન સાથે, અભિવ્યક્તિની નવનવીન નિરાળી રીતોથી પ્રેક્ષકોને રસતરબોળ કરે છે.

તુષાર શુક્લ આકાશવાણીમાં ઉદ્‌ઘોષક તરીકે જોડાયા ને કેન્દ્રના સર્વોચ્ચ પદ કેન્દ્રનિર્દેશકપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. સૌથી નાની વયે વિશેષ બાલકાર્યક્રમનિર્માતા બન્યા. એ દરમિયાન નાનાં ભૂલકાંથી માંડીને વરિષ્ઠ નગરજનો, કામદારોથી માંડીને બુદ્ધિજીવીઓ, ગીત-સંગીતપ્રેમીઓ જેવા વૈવિધ્યપૂર્ણ શ્રોતાસમૂહ માટે પ્રસારણ-સામગ્રી તૈયાર કરીને રજૂ કરી. કુદરતી કે માનવસર્જિત આપત્તિમાં કામ કરીને સંસ્થાનો ધ્યેયમંત્ર - बहुजन हिताय, बहुजन सुखाय - ચરિતાર્થ કર્યો. ચોવીસ વરસમાં કાર્યક્રમ તેમજ વહીવટ - એમ બંને ક્ષેત્રે કામ કર્યું. કેન્દ્ર સરકારની IB(P)Sની પ્રથમ બેચના વર્ગ-૧ના અધિકારી થયા. આ સિદ્ધિના કેન્દ્રમાં તેઓ એમની સાહિત્યરુચિ તેમજ ઘરના વાતાવરણને મુખ્ય ગણે છે.

અમે ભાષાભવનમાં સાથે એમ.એ. કર્યું. અમારા દુરારાધ્ય વિદ્વાન અધ્યાપક અનિરુદ્ધ બ્રહ્મભટ્ટે, બી.એ.માં યુનિવર્સિટીમાં જેઓ પ્રથમ વર્ગમાં આવેલા એમનો આવકાર-કાર્યક્રમ ત્યાંના હૉલમાં રાખેલો. કેટલાકનો તેમણે પરિચય મેળવ્યો. કેટલાકને

પોતે ઓળખે છે, એ રીતનો પરિચય આપેલો એમાં ભાઈ તુષાર શુક્લ પણ હતા. ત્યાં જ મને એમના સાહિત્યિક અભ્યાસ, એમના વાંચન તેમજ એમની સહૃદયતાનો પરિચય થયો. એમની એ ગુણસંપન્નતા મૈત્રીનું નિમિત્ત રહ્યું. ઘરોબો થયો. પછી એમના પિતા શ્રી દુર્ગેશ શુક્લ સાથે કલાકો સુધી બેઠો, ભાવનગર, ઘરશાળા, હરભાઈ ત્રિવેદી તેમજ અનેક રસપ્રદ મુદ્દાઓ પર વાતો ચાલતી.

એમના પિતા એ આપણા પ્રબુદ્ધ સાહિત્યકાર દુર્ગેશભાઈ શુક્લ. એમણે લખેલી પદ્યનાટિકા 'ઉર્વશી' (૧૯૩૩), કવિત્વ અને સૂક્ષ્મ નાટ્યસૂઝથી સભર પ્રવાહી છંદમાં લખાયેલી કૃતિ છે. બ. ક. ઠાકોર અને ડોલરરાય માંકડ જેવા મર્મજ્ઞ સાહિત્યસ્વામીઓનો આવકાર પામી હતી. એમનાં નાટકો ને અન્ય સાહિત્ય માટે અલગ લેખ કરવો પડે.


તુષારભાઈએ પિતા દુર્ગેશ શુક્લ વિશે તેમજ ઘરના વાતાવરણ વિશે એમનાં વક્તવ્યોમાં વાત કરી છે. શાળા, કૉલેજ, યુનિવર્સિટીમાં એમનાં રસરુચિને પ્રોત્સાહન મળ્યું. અનુભૂતિને અભિવ્યક્ત કરવાની સજ્જતા મળી અને એમાં કલ્પનાશક્તિ ભળી.

એમણે એક પ્રસંગ નોંધતાં લખ્યું છે, 'આ સઘળું બને શબ્દથી. આ શબ્દને સમજતાં એનો ભેદ પણ સમજ્યો. લખાતો શબ્દ ને બોલાતો શબ્દ - એ બંનેના મહિમાને ઓળખ્યો. આકાશવાણીની અપેક્ષા હતી ઉચ્ચરિત શબ્દની. સાહિત્યનો શબ્દ સાધારણ શ્રોતાને ભારે લાગે. પ્રસારણકર્મીએ પ્રત્યાયન સાધવા આ ભેદ સમજવો જોઈએ, ને એના ભાથામાં આ અભિવ્યક્તિ વૈવિધ્ય હોવું ઘટે. પ્રસારણકર્મીને માન્ય ભાષા, સંપર્ક ભાષા ને બોલી - ત્રણેની પકડ એને ઉપયોગી થાય એ માટે વાચન, શ્રવણ અવલોકન સહાયક બને.'

એમણે એ સંદર્ભે પોતાનો એક અનુભવ ટાંક્યો છે : 'મને યાદ છે કે કારકિર્દીના આરંભે જ આકાશવાણીના સૌથી લોકપ્રિય કાર્યક્રમ - મજૂરભાઈઓ માટે-નાં બે પાત્ર - શાણાભાઈ ને શકરાભાઈની જગ્યા મારે પૂરવાની હતી. બંને વયસ્ક, અનુભવી ને લોકપ્રિય. શકરાભાઈ તો અમદાવાદની કાપડ મિલથી પરિચિત પણ ખરા. શાણાભાઈ શિક્ષક. જુગતે જામેલી જોડી ને હું અમદાવાદમાં નદીની આ બાજુ વસેલા નવા નગરનો, સેન્ટ ઝેવિયર્સ કૉલેજનો વિદ્યાર્થી. મેં તો મિલ અંદરથી જોઈ પણ નહોતી. મિલની ચાલીનું જીવન જાણતો નહોતો. આ મોટો પડકાર હતો. મેં એ ઝીલ્યો. મને નાટક ગમે. ભજવેલાં પણ ખરાં. એટલે એક પાત્ર વિચાર્યું. મિત્રોએ નામ આપ્યું 'મનજીભાઈ.' નામ અમારા શ્રોતા મજૂરભાઈઓમાં સાધારણ સ્વીકૃતિ પામે તેવું. પણ મારે માટે એ મનના સ્વૈરવિહારીનું પ્રતીક. કૉલેજકાળથી જ કવિતા લખવાનો શોખ એટલે મન અને શબ્દ બંનેની અતિ સક્રિયતા.

'પણ એ જ નડ્યું ! કાર્યક્રમ માટે પોતે જ સંવાદ-સ્ક્રિપ્ટ લખવાની. આવા લખાણમાં પોતાના પાત્રચિત્રણ ઉપરાંત સામેના પાત્રનુંય ધ્યાન રાખવાનું. સંવાદ થવો જોઈએ. કામદાર શ્રોતાને સમજાય એવો. એ સમયે પેલી શબ્દપસંદગી પડકાર બની. વળી ભાષા ઉપરાંત ભાવાભિવ્યક્તિ પણ સાહિત્યિક બની જાય. એને સભાન થઈ સ્વીકારી ને

જરૂર મુજબ સુધારી ! તોય પેલી કવિતા તો રાખી, પ્રસંગે છપ્પા, દુહા, સાખીની શૈલીમાં વિચારને મૂક્યા ને મારા શ્રોતા 'મનજીભગત'થી રાજી !'



શ્રી તુષાર શુક્લ

એની સાબિતી ત્યાં મળે કે કિશોર શ્રોતા મને લખે કે, 'મારા બાપુજી મને ચલમ સળગાવી લાવવાનું કામ સોંપે છે, એ માટે મારે બે ફૂંક મારવી પડે, તો તમે એમને સમજાવો ! આ ઉપરાંત સત્યનારાયણ કથાનો પ્રસાદ લેવાનું નેહભર્યું નોતરું તો ખરું જ.' આવા અનેક પ્રસંગો છે, જેમાં પ્રસારણકર્મી તરીકે તુષારભાઈએ જે નિસબતથી કામ કર્યું એમાં એમની ઓળખ વ્યક્ત થાય છે.

તુષારભાઈએ પોતાની પ્રસારણયાત્રાના આવા અનેક પ્રસંગો એમનાં પુસ્તકોમાં ટાંક્યા છે. ક્યારેક અસૂયા ને અહંકાર પણ ટકરાયાં છે. અકળામણ અનુભવી છે, પણ તારણ રૂપે લખ્યું છે કે 'માર્ગ પરના કંટકો ભલે સફર દરમિયાન અકળાવે, પણ શિખર પરથી એ પણ માર્ગની શોભા લાગે.'

કવિ-ગીતકાર તુષાર શુક્લના કાવ્યસંગ્રહો અને નિબંધસંગ્રહનાં ચાળીસથી વધુ પુસ્તકો પ્રગટ થયાં છે. એમની કવિતા પાઠ્યપુસ્તકમાં સ્થાન પામી છે. ગુજરાત યુનિવર્સિટી, ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટી, સિલ્વર ઑક યુનિવર્સિટી, ટીચર્સ ટ્રેનિંગ યુનિવર્સિટી, ચારુતર વિદ્યા મંડલ યુનિવર્સિટી, એલ.જે. યુનિવર્સિટીનાં યુનિવર્સિટી ગીત એમની કલમનું સર્જન છે. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સ્કૂલ બોર્ડનું તથા બનાસ ડેરીનું સંસ્થાગીત પણ એમણે લખ્યું છે.

એમણે અનેક ગુજરાતી ટીવી સિરિયલ અને ગુજરાતી ફિલ્મોનાં ગીત લખ્યાં છે. ગુજરાત સરકારે એમને ત્રણ વાર શ્રેષ્ઠ ગીતકાર તરીકે ઍવૉર્ડથી સન્માનિત કર્યા છે. અમદાવાદ દૂરદર્શનની અનેક ધારાવાહિક શ્રેણીમાં સંવાદ અને શીર્ષકગીત લખ્યાં છે. સુખ્યાત સર્જકો - ગોવર્ધનરામ ત્રિપાઠી, જ્યોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, રઘુવીર ચૌધરી, ભગવતીકુમાર શર્મા વગેરેની કૃતિ પરથી ધારાવાહિક ટીવીની શ્રેણી લખી છે. રેડિયો, ટીવી, ફિલ્મ, જાહેરખબર ઉપરાંત અખબારના પાને પણ સક્રિય છે. 'ગુજરાત સમાચાર'માં એમની સાપ્તાહિક કૉલમ 'એક, બે ને સાડા ત્રણ'ની લોકપ્રિયતા બાદ હાલમાં જન્મભૂમિ પરિવારની અખબારોની કૉલમ 'બ્લૅક કૉફી' છપાય છે.

શબ્દને પોતાનો ચહેરો હોય છે. તુષાર શુક્લના શબ્દને પોતાનો સ્વાયત્ત ચહેરો છે. પોતાની સફળતાના પાયામાં પોતાનો શબ્દ - લિખિત ને ઉચ્ચરિત - પોતાનો સહયાત્રી રહ્યો છે, એમ માને છે. સાથે અવાજ ને ઉચ્ચારની સાથે શબ્દપસંદગી એમની અભિવ્યક્તિને વિશિષ્ટ ગરિમા આપે છે.

એમને મળેલા સન્માનની સૂચિ ઘણી લાંબી છે. તાજેતરમાં જ જાણીતા મૅગેઝિન ‘ફિલિંગ્સ’ દ્વારા એમને Pride of India for contribution in the field of literature award એનાયત થયો છે.

એમનાં ગીતો ગૌરાંગ વ્યાસ, દિલીપ ધોળકિયા, ક્ષેમુ દિવેટિયા, રસિકલાલ ભોજક, આશિત દેસાઈ, સૌમિલ-શ્યામલ, નયનેશ જાની, સોલી કાપડિયા, નયન પંચોલી, નિશીથ મહેતા વગેરે જાણીતા સ્વરકારોએ સ્વરબદ્ધ કર્યાં છે.

સૌમિલ મુનશીએ ગાયેલ ‘પૂછીને થાય નહીં પ્રેમ’ કે પાર્થિવ ગોહિલે ગાયેલ ફિલ્મ ‘છેલ્લો દિવસ’નું ગીત ‘કહેવું ઘણું ઘણું છે’ અને નવરાત્રિ દરમિયાન યુવા ગાયક પાર્થ ઓઝાના કંઠે ધૂમ મચાવતું ‘જોગણી જોગમાયા’ તુષાર શુક્લનાં સર્જન છે.

દેશવિદેશમાં મોટિવેશનલ સ્પીકર તરીકે આમંત્રિત થાય છે. અસંખ્ય સંગીત કાર્યક્રમો ને કવિસંમેલનોના સફળ સંચાલક રહ્યા છે. મનોરંજન ઉપરાંત શૈક્ષણિક ક્ષેત્રે પણ સક્રિય છે. રેડિયોક્ષેત્રે કારકિર્દીમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને ગુજરાત યુનિવર્સિટી તેમજ એલ.જે. યુનિવર્સિટીમાં વિઝિટિંગ ફેકલ્ટી રૂપે ભણાવે છે.

આમ શબ્દાસને આરૂઢ એવા મિત્રને પચ્ચાસને ગૌરવપ્રાપ્તિ નિમિત્તે સૌની સાથે વધાઈ સાથે મારો ઉમળકો વ્યક્ત કરું છું.

**- રમેશ ઓઝા**

---




છેલ્લાં ૩૩ વર્ષથી દેશ અને વિદેશના સર્જકોની સાહિત્યકૃતિ પ્રગટ કરનારું અને ગુજરાતીભાષી પ્રજાની વૈશ્વિક ચાહના મેળવનારું શિષ્ટ અને સંસ્કારી સાહિત્યનું ત્રૈમાસિક.

**ગુર્જરી ડાયજેસ્ટ**

**ત્રણ વર્ષનું લવાજમ : રૂ. ૫૦૦/–**




પ્રસિદ્ધ લેખિકા ધીરુબહેન પટેલની ભાવનાને અનુલક્ષીને પ્રગટ થતું, નારી સર્જકતાને સંકોરતું સાહિત્ય, જ્ઞાન અને કળાનું વિશિષ્ટ ત્રૈમાસિક.

**વિશ્વા**


**વાર્ષિક લવાજમ : રૂ. ૨૦૦/–**

# ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ

'ભારતીય' શબ્દ આવે એટલે એના અનુસંધાને સાહિત્ય, સંગીત, શિક્ષણ, સંસ્કૃતિ, સંસ્કાર, સંતો, સમાજ, ઉત્સવો, કળાના વૈવિધ્યપૂર્ણ આયામો, આયુર્વેદ, યોગ, વેદ-ઉપનિષદો, મહાકાવ્યો, ગણિત, જ્ઞાન-વિજ્ઞાન અને નૈસર્ગિક તત્ત્વો માનસપટ પર આંટા દેતા અનુભવાય. આખાય વિશ્વની ધરોહર સમું આકાશ - આકાશી તત્ત્વોથી ભર્યું ભર્યું બ્રહ્માંડ અને અનેકાર્થી શબ્દ 'અવકાશ' અવકાશે આપણા મન-હૃદયનો કબજો બળવાન કરી દે ત્યારે માનવું કે કંઈક નવું - કંઈક ગમતું આપણી આસપાસ છે. એમાંય જો 'ભારતીય નારીસંતોનું કાવ્યાકાશ' પુસ્તક હાથવગું થાય તો ઉપરોક્ત વિચારધારા જરૂર વહેવા માંડે. ગુજરાતનાં જાણીતાં લેખિકા, કવયિત્રી, ચિંતક શ્રી કાલિન્દી પરીખલિખિત પ્રસ્તુત પુસ્તકમાં તેમના પિતાશ્રી સાક્ષર વસંતભાઈ પરીખ પરંપરાનું વારસાઈ લક્ષણ દેખા દે છે. ઊંચી શોધ, ઊંડું મંથન, ઘેરું ચિંતન, તાર્કિક પ્રતિભાવો, મૌલિક મત અને સુસજ્જ-સ્પષ્ટ, પદ્ધતિસરની રજૂઆત - બીજું શું ખપે સુજ્ઞ વાચકોને ?

ભારતીય નારી સ્વાનુભવથી ઘડાઈ સહજ સર્જન થકી પોતાનો મનોભાવ રજૂ કરી એનો ગુલાલ બનાવીને ઉડાડે છે એ એમનું સામર્થ્ય છે. તેમને સંતકોટિનાં નારીરત્નો તરીકે સમાજે ઓળખ્યાં અને ઓળખાવ્યાં. એમની સાદી ભાષા, લોકઢાળ, સરળ લયમાં નિરૂપાયેલા વિષયો અંગે આવી વિશદ રજૂઆત વાચકોને મળે અને સૌ મુખરિત થઈ ઊઠે. કોઈ પણ પ્રકારનું વિધિવત્ જ્ઞાન પ્રાપ્ત ન કર્યું હોય એવી નારીઓને શી રીતે આવું ઊંડું જ્ઞાન લાધ્યું હશે ? એ અંતર્મુખ નારીપ્રતિભાઓએ આત્મિક પ્રદેશમાં જરૂર ઊંડું દર્શન, તીવ્ર મનન-ચિંતન કર્યાં હશે. સ્વાનુભવનું વલોણું અને પરાનુભવના નિષ્કર્ષ સમાન ભજન, કીર્તન, ધોળ, પદ, ગીત, કાવ્ય, શ્લોક, વાખ, અભંગ, શબદ, સૂફી ગાન, આખ્યાન, પારાયણ, પ્રભાતિયાં આદિ જિહ્વા દ્વારા અને અશ્રુ માર્ગે નિસર્યાં હશે.

કાલિન્દીબહેન આ સંચયમાં સ્વયં ઝબોળાઈને આપણને પણ રસમાં તરબતર કરી મૂકે છે. પ્રત્યેક પ્રકરણના સાર સમાન શીર્ષક દ્વારા ઉત્સુકોને એ વાંચવા પરત્વે અભિમુખ કરે છે. તેઓ કહે છે કે 'આ સર્વ નારીસંતોના ભૌગોલિક પ્રદેશો ભલે અલગ હતા, પરંતુ તેમને આકાશ એક જ મળ્યું - તે હતું મુક્તિનું અનંત આકાશ.' લેખિકા સંતકવયિત્રીઓના આતમપંખીના આકાશમાંથી ઉડ્ડયનઘેરી આચમની ભરતાં હોય તેમ ચાંગળુંક ચાંગળુંક ભેળું કરી - તેનો દરિયો લેખિની થકી ડહોળી, રવૈયો ફેરવી - મંથન કરી - પછી એને ઘડીક ઠરવા દઈ - પોરો ખાવા દઈ - તેનાં વમળ સ્થિર થાય પછી




એમાંથી ખોબલે ને ખોબલે નવનીત કાઢી રસિકોને ન્યાલ કરી દે છે - સંશોધન, વાંચન, મનનને શબ્દોમાં ગોઠવવા તેમણે પ્રાપ્ય અનેક નારીસંતોના મનોજગતમાં જાણે કે મુક્ત વિહાર ન કર્યો હોય ! લેખિકાની લેખિની સહજ વહેણે વહેતી જાય છે. તેમનાં વિચારવહાણમાં કે કલમ-તરાપા પર સવાર થઈને આપણે મહાલતાં હોઈએ એવો ભાવ અનુભવાય.

નારીસંતોના અનુભવોનો નિચોડ ભલે અહીં શબ્દોમાં છે, પરંતુ ભાવકો જ્યારે એમાંથી પસાર થાય ત્યારે તે વાણીમાં તબદીલ થઈ જાય છે અને આપણા કાન સરવા થઈ જાય ત્યારે એ દુઃખી, પીડિત નારીના તન-બદન-મનમાંથી જે અગ્નિમાં તપ્યા પછીના શુદ્ધ સોનાનો પ્ર-તાપ બહાર ઝળહળે છે, એમાં આપણે પણ તેને શિયાળાના કૂણા તડકાની જેમ માણીએ છીએ - તપીએ છીએ અને પછી જ્યારે એમના સ્વમુખે - સુમુખે જે શબ્દસરિતા વહે છે - પુષ્પો ખીલે છે એનો પ્રવાહ, પ્રભાવ અને સોડમ પંચેન્દ્રિયને પુલકિત કરી દે છે - રસિકોને 'બ્રહ્માનંદ સહોદર'ની અનુભૂતિ અચૂક થાય છે.

એક અગત્યની વાત. કાલિન્દીબહેન સંતકવયિત્રીની માત્ર સાહિત્યિક બાબતો નથી છેડતાં, પણ તેમનાં કૌટુંબિક અનુભવો, પીડા, ઉપેક્ષા, શારીરિક - માનસિક લપડાકો - છાનું - મૂંગું રુદન, આંસુ પી જઈને કોરીધાકોર થઈ ગયેલી એમની આંખોમાંથી દૃષ્ટિએ કરેલું વિશ્વદર્શન અને તેના અનુરણન રૂપે નીસરી આવેલાં પદો, કાવ્યો, આર્તનાદ, સ્વાનુભૂતિયુક્ત ચીસો છતાં પરિણામસ્વરૂપે ગુરુજ્ઞાનને કારણે મરી ગયેલા મનની ચિતા પર શબ્દજળ છાંટી તેમાંથી પ્રગટ થયેલાં જ્ઞાન અને ગાનની લ્હાણી સાથે લાજ નેવે મૂકીને તનમનની નિર્વસ્ત્ર અવસ્થામાં કરેલાં નર્તન વાંચકોને, દર્શકોને, શ્રોતાઓને વિશ્વવિહાર જ કરાવી દે છે.

કાલિન્દીબહેને આ બધું ઘોળાયેલું - ડહોળાયેલું મનોમંથન સમજીને પચાવ્યું અને એને પુનઃ પ્રસ્તુત કર્યું એ પણ ખાવાના ખેલ તો નથી જ. ગુજરાતી સિવાયની ભારતીય ભાષાઓનું ચયન અને એની પુનઃ રજૂઆત એમના લેખનની ઊજળી બાજુ છે. મીરાંબાઈએ જે લત ગુજરાતી, હિંદી અને મારવાડી ભાષાને લગાડી છે તે દક્ષિણનાં રાજ્યો અને મરાઠી સમુદાયનાં નારીસંતોને પણ લાગુ પડે છે. કાશ્મીરનાં લલ્લેશ્વરીના સર્જનનાં સ્પંદનો પણ આપણે ઝીલ્યાં છે. લલ્લનને તેમના ગુરુએ કહેલું કે, 'તું તારામાં ઊતર. બહારથી પાછી ફર. શિવ સર્વત્ર છે.' શૈલયોગિની સહિત અનેક સંતકવયિત્રીઓને ઘરમાંથી જ સંતત્વ લાધેલું.

લેખિકા જેમને 'વૈદિક ઋષિકાઓ' કહે છે તે નારીસંતોના આધ્યાત્મિક અનુભવોમાં જ્ઞાન અને પવિત્રતા છે. તેઓ મંત્રદ્રષ્ટા છે. મીરાંબાઈ જેવાંએ તો કૃષ્ણભક્તિના દ્રુમને નિજ હૈયામાં ઉછેર્યાં. દક્ષિણનાં આંડાલે પણ સમર્પણ ભાવે ચિરમિલનની વેળાને પામી મોતીની જેમ ઝળહળતાં પદો સર્જ્યાં. વિવિધ ભાષાઓને સમજવાના પ્રયત્નોમાં લેખિકાને પંજાબનાં પિરોમા નામક નારીસંત અંગે પુસ્તક જડ્યું. ખૂબ ઊંડા જ્ઞાનનો ભાર ન લાગે, શબ્દો અજાણ્યા ન લાગે એ સારુ કાલિન્દીબહેને અન્ય ભાષાઓને પોતીકી કરી, લાડ લડાવી તેને ગુજરાતી વાઘા પહેરાવ્યા અને ઉત્તરના દિલ્હી-હરિયાણાની કવયિત્રી સહજોબાઈ આપણી થઈ ગઈ, જેણે મોક્ષમાર્ગ ચીંધેલો. આંધ્રપ્રદેશની (તેલુગુની મીરાં) તારી ગોન્ડા વેંગમમ્બાએ ભગવાન વેંકટેશ્વરને પોતાના પતિ માન્યા અને તેઓ સિદ્ધયોગિની બની ગયાં, જેમણે 'શ્રીકૃષ્ણમંજરી'નું સર્જન કર્યું.

પૂજ્ય પિતાશ્રી વસંત પરીખની સંસ્કૃત લહેરીમાં ડૂબકી દઈ લેખિકાએ ભિન્ન ભિન્ન ભાષાઓ સહિત ગુજરાતી ભાષામાંથી નારીસંતસાહિત્યનાં મૌક્તિકો પણ વીણ્યાં. સંત લીરલબાઈ મનુષ્યદેહને બ્રહ્માંડપિંડ કહે છે; તો, સતી લોયણ કહે છે કે -

'કૂંચિયું છે માલન ગુરુજીને હાથ
ગુરુજી આવે તો તાળાં ઊઘડે...'

ગુજરાતમાં રતનબાઈ નામનાં અનેક નારીસંતો છે એમાંનાં એક રતનબાઈ કહે છે કે,

'તારી નેણ કટારી મને લાગી રે...હું તો મોઈ જોઈ રૂપરેખ...' વળી, 'વીજળીને ચમકારે...મોતી પરોવું પાનબાઈ...'થી લોકલાડીલાં થયેલાં સંતકવયિત્રીનો પ્રભાવ ગુજરાતી જનતા ઉપર ઘણો છે. ફિલસૂફી, નક્કર વાસ્તવિકતા અને બોધયુક્ત તેમનાં શબ્દબાણ આપણી માતૃભાષાનું ઘરેણું છે. તેઓ કહે છે -

'વચન વિવેકી જે નર-નારી પાનબાઈ !
તેને બ્રહ્માદિક લાગે પાય રે...' તો, આ છે ગંગાસતી !

રાજસ્થાનની પ્રસિદ્ધ ચિત્રશૈલી 'બની ઠની'નાં પ્રણેતા સંત ગંગાબાઈ કૃષ્ણધારામાં વાત્સલ્યપૂર્ણ વધાઈ ગીતો ગાતાં અને દાસી બની મધુર કંઠે ગાતાં. અન્ય નારીસંતો રઘુરાજકુંવરી - 'રામપ્રિયા'એ પણ સ્વયં સ્ફૂર્ત લાલિત્યપૂર્ણ પદાવલિઓ રચી અને જ્ઞાન + કર્મ + ભક્તિની ત્રિવેણી રચી.

'જયતિ જય જયતિ શ્રી હનુમાન
ભુજદંડ ચંડ પ્રચંડ વારે સ્વામિ શૈલ સમાન'

ઇત્યાદિમાં યમકની ચમત્કૃતિ થકી નાદવૈભવ સર્જ્યો !

બાકી, રાજસ્થાનની જ અજબકુંવરી ચોપાટ માંડીને શ્રીનાથજીના ભાવનું ઉદ્દીપન કરે અને પ્રેમદીવાની મીરાંબાઈ રસરાજ શ્રીકૃષ્ણને 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ' કહી પોતાનો કરી દીધાની ખાતરી ઉચ્ચારે એ સંતકવયિત્રીઓની ઊંચાઈનું માનક છે. તો આ છે પ્રસ્તુત ખજાનાની નમૂનારૂપ ઝાંખી માત્ર. બાકી 'કાવ્યાકાશ'ને વાંચવું-માણવું પડે હોં !

**- સુધા ભટ્ટ**

(લે. કાલિન્દી પરીખ, પૃ. : ૨૪૦, કિં. : ૩૦૦, પ્રથમ આવૃત્તિ : ૨૦૨૪)

# એનએ આવાસ - કાચની પેટી કે ઘર !

સ્થાપત્યના ક્ષેત્રમાં આવાસ માટે જેટલા અખતરા થયા છે તેટલા કદાચ અન્ય કોઈ પણ શ્રેણીના મકાન માટે નહીં થયા હોય. આવાસની રચના માટે એક જુદા જ પ્રકારની સ્વતંત્રતા મળે છે. અહીં સ્થપતિને પોતાની કેટલીક વિચારધારાનું પ્રાયોગિક ધોરણે અમલીકરણ કરવાની સ્વતંત્રતા મળે છે, સાથે સાથે ઘરાક પણ અહીં સીમા બહારના વિસ્તાર સુધી જવા માટે તૈયાર હોય છે. અન્ય કોઈ સંસ્થાકીય મકાનમાં થોડીક ગરબડ પણ લાખો લોકોને અસર કરી શકે તેની અપેક્ષાએ આવાસ એ મર્યાદિત વ્યક્તિઓને લગતી રચના હોવાથી ક્યારેક તેના વિશે એટલી ગંભીરતા નથી પણ રખાતી. આવાસ વ્યક્તિગત હોય છે અને તેથી તે સાવ જ અલગ બની શકે તેની સંભાવના હોય છે. પણ આ સમગ્ર પ્રક્રિયામાં અમુક સીમા નિર્ધારિત કરવી જરૂરી છે. સારું કરવું એટલે અલગ જ કરવું તેમ નથી હોતું. દર વખતે અલગ કરવું તેમ પણ નથી હોતું. જે બાબત સ્વીકૃત છે તેનાં મૂળ અને કારણો ઘણાં ઊંડાં હોય છે. તે પ્રકારનું સ્વીકૃત ઝાડ ઉખાડી લોખંડની પાઇપ વડે નિર્ધારિત થતા ઝાડ વિશે પ્રશ્નો પુછાય તે સ્વાભાવિક છે.

સ્થપતિ સોઉ ફૂજીમોટો દ્વારા નિર્ધારિત ટોક્યોના શાંત વિસ્તારનું માત્ર ૮૫ ચોરસ મીટરનું ત્રણ માળનું કહી શકાય તેવું ઈ. સ. ૨૦૧૦માં તૈયાર થયેલ આ આવાસ વાસ્તવમાં કાચની પેટી જેવું છે. આ કાચની પેટીને અમુક સંજોગોમાં ઝાડ તરીકે સ્થાપિત કરવાનો પ્રયત્ન થયો છે. કંઈક અંશે આ પ્રકારની અનુભૂતિ જોવા પણ મળે છે. આ આવાસ આજુબાજુના કૉન્ક્રીટના ઉપયોગથી બનાવવો એ આવાસથી વિપરીત એક અદમ્ય સાહસ છે. ભાગ્યે જ આવાસ જેવો પ્રતીત થતો આ આવાસ એક અભિપ્રાય પ્રમાણે બાંધકામ માટે બંધાયેલા પાલખ જેવો જણાય છે. આજુબાજુની, પ્રમાણમાં જાપાનની પરંપરાગત કહી શકાય તે પ્રકારની વસાહત વચ્ચે આ ઉમેરો 'એલિયન' જેવો જણાય છે.

સ્થપતિની વાત પ્રમાણે આ આવાસ વૃક્ષની અંદર રહેવાની ભાવના ઉત્પન્ન કરે છે. તેમની અભિવ્યક્તિ પ્રમાણે આ આવાસમાં પક્ષીઓની જેમ આકાશમાં ક્ષણો વિતાવવાની તક ઊભી થાય છે. મારી કલ્પના પ્રમાણે, કોઈ ઝાડ પર જ્યાં સંભાવના હોય ત્યાં સમતલ મંચ બનાવી, એ બધા મંચને પરસ્પર જરૂરિયાત પ્રમાણેના દાદરથી જોડી, સમગ્રતામાં એક આવરણ તૈયાર કરી, પછી જો ઝાડ કાઢી લેવામાં આવે અને જે રચના ઊભરે તે આ આવાસ.

જરૂરિયાત મુજબ નિર્ધારિત જુદી જુદી ઊંચાઈ પર ગોઠવાય ૨૧ ફ્લૉર-પ્લેટ, તે બધાને પરસ્પર સાંકળતા વિવિધ દાદર, જે તે સ્થાનની ઉપયોગિતામાં સંભવિત વિવિધતા, સફેદ પાતળી ચોરસ કે લંબચોરસ સ્ટીલની ફ્રેમ વડે બનાવવામાં આવે માળખું, દીવાલ તરીકે વચ્ચે અને બહારની ચારેબાજુ જોડાયેલ મજબૂત અને ઉષ્ણતા-ધ્વનિ અવરોધક કાચની દીવાલો, ગરમ અને ઠંડી ઋતુ માટેની ખાસ વ્યવસ્થા, બુકસેલ્ફ

જેવાં રાચરચીલાંનો રચનાત્મક ઉપયોગ, તકનીકી અડચણનો સકારાત્મક અને રચનાત્મક ઉકેલ, ચોસલાં ગોઠવીને નિર્ધારિત કરાઈ હોય તે પ્રકારની રચના અને સમગ્રતામાં એક રસપ્રદ કમ્પોઝિશનનું નિર્ધારણ - આ આવાસની આ કેટલીક ખાસિયતો છે.



અહીં ગોપનીયતાના પ્રશ્નો છે, અંદર-અંદરના અને બહારના વિશ્વ સાથેના પણ. એમ જણાય છે કે પડદા થકી આ પ્રશ્નનું નિવારણ લવાયું હશે. અહીં આવાસની અંદર અવાજનો પ્રસાર પણ ગોપનીયતામાં અડચણરૂપ બની શકે. મજાની વાત એ છે કે આ આવાસ યુવાન દંપતી માટે છે. એમ જણાય છે કે આ યુગલ પોતાના આવાસમાં જાણે સતત વિચરતું રહેતું હોય. આ પ્રકારની એકદમ પારદર્શક રચનાને કારણે આ યુગલ વચ્ચે પરસ્પરનું જોડાણ અનેરું હશે. અહીં અન્યના અસ્તિત્વની - અન્યની હયાતીની અનુભૂતિ કરવા બીજા કોઈ સ્થાને જવાની જરૂર નહીં હોય. સ્થપતિની માન્યતા પ્રમાણે આ પ્રકારના જીવન દ્વારા યુગલ વચ્ચે પરસ્પર ગાઢ અવકાશી-સંબંધ સ્થપાતો હશે. વાસ્તવમાં આ પ્રકારની રચના ચોક્કસ પ્રકારની જીવનશૈલી કે માનસિકતાને યથાર્થતામાં પ્રતિબિંબિત કરે છે કે નહીં તે માટે પ્રશ્ન પુછાવો જોઈએ.

એક અભિવ્યક્તિ પ્રમાણે અહીં અલગતા પણ છે અને ઐક્ય પણ છે; વિવિધતા છે અને સમરસતા પણ છે; વિવિધ ઓરડાઓ પણ છે અને તેની ગેરહાજરી પણ છે; વિવિધ સ્થાનો વચ્ચે સંલગ્નતા છે અને સાથે સાથે વિશેષતા પણ છે. અહીં એક પ્રકારે ગીચતા છે અને સાથે સાથે ગીચતાની અનુભૂતિથી મુક્તિ પણ અહીં મળી શકે છે. અહીં ગોઠવણ ક્યાંક કુદરતી રીતે વિકસેલી હોય તેમ જણાય, પરંતુ બાંધકામમાં, બાંધકામના પ્રકારમાં તે કુદરતીપણું નાશ પામે છે. અહીં બહારની પરિસ્થિતિ સાથે મજાનું સામીપ્ય છે અને સાથે સાથે વચ્ચે એક અડચણરૂપ દીવાલ પણ છે. અહીં પ્રત્યેક ઓરડાની સીમા નિર્ધારિત નથી છતાં પણ અન્ય સ્વરૂપે તેનું નિર્ધારણ કરાયું છે. પ્રકૃતિના અસ્તિત્વની સતત જાણ રહેતી હોવા છતાં અહીં ક્યાંક કૃત્રિમતા એટલી જ હાવી જણાય છે. અહીં આવાસ છે પણ ખરો અને નથી પણ.

એમ જણાય છે કે અહીં આવાસના સૌંદર્ય માટે એક નવો જ અભિગમ અપનાવવામાં આવ્યો છે. એક રીતે જોતાં આ રચનામાં પ્રવાહિતા છે, નિખાલસતા છે, સુસંગતતા છે, મોકળાશ છે, ખુલ્લાપણું છે, સમાવેશીય નિયમબદ્ધતા છે અને સગવડ ભરેલી સંભાવનાઓ છે. આ સાથે અહીં એક પ્રકારનો વિશ્વાસ દેખાય છે. પ્રકાશથી ભરપૂર આવાસમાં એક પ્રકારની જીવંતતાની અનુભૂતિ પણ થઈ શકે. શહેરની આધુનિકતાને અહીં એક જુદી જ સીમા સુધી લઈ જવાનો પ્રયત્ન છે.

**- હેમંત વાળા**

# તમારા ચહેરાની ભાષા

ટેક્નૉલૉજીના વિકાસની સાથે માણસ પણ ડિજિટલ થઈ રહ્યો છે. આપણી સંવેદનાઓ પણ હવે સ્ક્રીન પર ઊગે છે અને આથમે છે. હૃદયની ખુશી પણ પાંચ બાય પાંચના સ્ક્રીન પર ઠાલવવામાં આવે છે અને વેદના પણ પડદા પર પ્રગટ કરવામાં આવે છે. સાંત્વના, સધિયારો, સહાનુભૂતિ અને દિલાસો ઈમોજીથી વ્યક્ત થઈ રહ્યાં છે. ‘હગ’નું ઈમોજી મૂકી દેતી વખતે જરાયે સ્પર્શ અનુભવાતો નથી. ડાન્સનું રમકડું વહેતું કરીએ ત્યારે રૂંવાડાંમાંય નૃત્યનો રોમાંચ પણ અનુભવાતો નથી. બીજાની જિંદગી સાથેની નિસબત ઘટતી જાય છે. આપણે આપણાથી જ દૂર થઈ રહ્યા હોઈએ ત્યારે બીજાની નજીક તો ક્યાંથી જઈ શકવાના ? જિંદગીની વાતો હવે સ્ટેટસમાં લખીને સંતોષ માની લેવાય છે.

જિંદગીની ફિલૉસૉફી રીલ બનીને રહી જાય છે. રિયલમાં કેટલો ફેર પડે છે એ સમજાતું નથી. બીજા પાસેથી અપેક્ષાઓ વધતી જાય છે. કોઈ મને પ્રેમ કરે, મારું ધ્યાન રાખે, મારી કેર કરે, મને પેમ્પર કરે, મને મૅસેજ કરે, મારી પોસ્ટમાં કૉમેન્ટ કરે, મને ફોલો કરે, મારાં વખાણ કરે, મને પ્રોત્સાહિત કરે અને મારી વ્યક્તિ મારી જ બનીને રહે ! જોકે, એમાં કશું ખોટું નથી. પોતાની જાતને સવાલ એટલો જ પૂછવાનો કે હું જે ઇચ્છું છું એવું હું કોઈના માટે કરું છું ખરો ? વન-વે હોય ત્યારે બધા એક તરફ જ જતા હોય છે, કોઈ સામું મળતું નથી. સંબંધ પણ વન-વે ન ચાલે. બંને પક્ષે સ્નેહ સરખો હોવો જોઈએ. માણસ સમયની સાથે એકલો પડતો જાય છે. બધા હોય તોપણ એક ખાલીપો વર્તાયા રાખે છે. બાજુમાં બેઠા હોય તોપણ અજાણ્યા સાથે બેઠા હોય એવું લાગે છે. આપણે આપણાથી જ અજાણ્યા થવા લાગ્યા છીએ.

તાજેતરની એક સત્ય ઘટના છે. એક ભાઈ ફ્લાઇટમાં સફર કરતા હતા. જેવા પોતાની સીટ પર બેઠા કે તરત જ એ લૅપટૉપ ખોલીને ‘સેવ’ કરેલી ફિલ્મ જોવા લાગ્યા. ફ્લાઇટ ટેકઑફ થઈ એને એક કલાક થઈ ગયો. એ ભાઈનું ધ્યાન ક્યાંય હતું જ નહીં ! એક કલાક પછી બાજુમાં બેઠેલી વ્યક્તિએ તેને હલાવીને ‘હલ્લો’ કહ્યું. બે ક્ષણ તેની સામે જોઈને કહ્યું, ‘અરે તું !’ બાજુમાં તેનો એક સમયનો જિગરજાન મિત્ર બેઠો હતો. એ મિત્રએ કહ્યું, ‘હું તને ક્યારનો જોઉં છું, યાર અટલો બધો પોતાનામાં ખોવાઈ ન જા કે આજુબાજુમાં કોણ છે એનો અંદાજ પણ ન રહે ! આપણે સાથે ભણતા હતા ત્યારે સૂર્યાસ્ત જોવા નદીએ જતા હતા. હમણાં ફ્લાઇટમાંથી ડૂબતો સૂરજ દેખાતો હતો અને તારું ધ્યાન લૅપટૉપમાં જ હતું ! તેં મારી સામે ન જોયું એનો કોઈ વાંધો નથી, પણ તેં તો તારી સામે પણ નથી જોયું ! આવું એટલા માટે કહું છું કે, તને એક સમયે પ્રકૃતિને માણવાનો શોખ હતો. એક વખત તને પુસ્તક વાંચવાની વાત કરી, ત્યારે

તેં કહ્યું હતું કે, મને તો લોકોના ચહેરા વાંચવાની મજા આવે છે. એક સમયે કોઈકના ચહેરા વાંચવાવાળો તું ક્યારેય તારો ચહેરો વાંચે છે ખરો ?' આપણામાંથી કેટલા લોકો પોતાનો ચહેરો વાંચે છે ?

આપણે તૈયાર થવા માટે અરીસાની મદદ લઈએ છીએ. ક્યારેક એ જ અરીસાની મદદ આપણો પોતાનો ચહેરો વાંચવા માટે કરવા જેવી છે. પોતાની સામે આંખ માંડીને વિચારજો કે, જિંદગી એવી જ જઈ રહી છે કે જેવી તમે વિચારી હતી ? બીજું કશું નહીં, તો માત્ર એટલું વિચારજો કે, મને મારી જિંદગી જીવવાની મજા તો આવે છે ને ? હવે તો આપણને આપણા માટે પ્રશ્નો પણ નથી થતા ! પ્રશ્નો જ ન થાય તો જવાબો ક્યાંથી મળવાના છે ? જિંદગીનો એક સિદ્ધાંત એ છે કે, જિંદગીને વહેવા દેવી. અલબત્ત, એનો મતલબ એવો સહેજે નથી કે, જે થાય એ થવા દેવું ! જિંદગીને તપાસતા રહેવી પડે છે કે સાચા માર્ગ પર તો છે ને ? જિંદગીની ગાડી આડે પાટે તો નથી ચડી ગઈ ને ? તમારી જિંદગી કેટલી વાસ્તવિક રહી છે ?

એક છોકરો અને એક છોકરી પહેલી વાર મળતાં હતાં. બંને સોશિયલ મીડિયામાં એકબીજાને ફોલો કરતાં હતાં. છોકરીને જોઈને છોકરાએ કહ્યું, 'તું તો સોશિયલ મીડિયામાં દેખાય છે એવી જ છે !' છોકરીને સમજાયું નહીં. તેણે પૂછ્યું, 'કેમ આવું કહે છે ?' છોકરાએ કહ્યું, 'મને એમ હતું કે, તું ફિલ્ટર મારીને ફોટા હોય એના કરતાં વધુ સારા કરીને અપલોડ કરતી હોઈશ !' છોકરીએ કહ્યું, 'ફોટાની વાત તો એની જગ્યાએ છે, હું તો મારી જિંદગી પણ કોઈ પણ જાતના ફિલ્ટર વગર જીવવામાં માનું છું. જે છે એ છે. માણસ તરીકે સારી થઈ શકું તો ઘણું છે. મારું ફિલ્ટર મારા વિચારો છે, એ ફિલ્ટર હું મારતી રહું છું. અંદરથી સારા થવાનું ફિલ્ટર વાપરતાં મને આવડી જાય, તો પછી બહારના દેખાવની બહુ ચિંતા કરવા જેવું રહેતું નથી. આપણે બધા બહારની ચિંતા વધુ કરીએ છીએ. બહારથી જાજરમાન, ગોર્જિયસ દેખાવું છે, અંદરથી ભલે ખોખલા અને બોદા હોઈએ !'

માણસ હોય એના કરતાં થોડોક સારો દેખાવાનો પ્રયાસ કરે, એમાં કશું ખોટું નથી. બધા એવું કરતા હોય છે. સારા દેખાવું બધાને ગમતું હોય છે. અલબત્ત, ફોટાને સાવ જ બદલી નાખવો એ સરવાળે આપણે ન હોઈએ એવા બતાવવાનો પ્રયાસ છે. માણસની અત્યારની સમસ્યા જ એ છે કે, એ જે નથી એવા એને દેખાવું અને દેખાડવું છે, એના કારણે એ જે હોઈએ છીએ, એ દેખાતા નથી. માણસ રૂપાળો ન હોય તો ચાલશે, પણ માણસ સારો હોવો જોઈએ. માણસનું સારાપણું ઓળખાઈ જતું હોય છે. નમ્રતા કે ઉગ્રતા માણસના સ્વભાવ અને પ્રકૃતિની ચાડી ખાઈ જાય છે. 'તને ખબર છે હું કોણ છું ? તું મને ઓળખે છે કે નહીં ? મારી સાથે માથાકૂટમાં ઊતરતાં પહેલાં સો વાર વિચાર કરજે, ભારે પડી જશે.' ઘણાના મોઢે આવું સાંભળવા મળતું હોય છે.

**(અનુસંધાન ૩૩મા પાને)**

## આગામી કાર્યક્રમો

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

**◈ ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫, શનિવાર : સાંજના ૫-૩૦**

વિષય : ભારતીયતાની ખોજ કરતા સમાંતર સિનેમાના લોકપ્રિય દિગ્દર્શક શ્યામ બેનેગલ

વક્તા : અભિજિત વ્યાસ

**◈ ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : પ્રવાસ, લેખન અને દરિયાપારનું જીવન

વક્તા : પ્રીતિ સેનગુપ્તા

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

**◈ ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : શ્રી ઉમાશંકર જોશીનું પદ્યનાટક ‘કર્ણ-કૃષ્ણ’ : આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

**◈ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : શ્રી ઉમાશંકર જોશીનું પદ્યનાટક ‘કર્ણ-કૃષ્ણ’ : આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

*

### સારસ્વતવંદના : ચંદ્રકાન્ત શેઠ

**◈ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૫, સોમવાર : સાંજના ૫-૦૦**

સ્મરણ, સર્જન અને કાવ્યસંગીત. સર્વશ્રી રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, વંદના શેઠ, શ્રદ્ધા ત્રિવેદી તેમનાં સ્મરણો કહેશે. યોગેશ જોષી અને દીપ્તિ જોશી તેમના સાહિત્ય સર્જનમાંથી વાચિકમ્ કરશે. હર્ષિત ત્રિવેદી દ્વારા ચંદ્રકાન્ત શેઠના ગીતથી પ્રારંભ કરશે અને એ પછી અમર ભટ્ટ તેમનાં કાવ્યોની પ્રસ્તુતિ કરશે.

### કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી

**◈ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૫, શુક્રવાર : સાંજના ૫-૩૦**

મળી માતૃભાષા મને ગુજરાતી

વક્તવ્ય : રતિલાલ બોરીસાગર અને ભદ્રાયુ વછરાજાની

## વિશ્વકોશ લલિતકલાકેન્દ્ર

**◈ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૫, મંગળવાર : સાંજના ૫-૩૦**

જાણીતા કલા ઇતિહાસકાર, કલાસમીક્ષક અને સાંસ્કૃતિક પ્રવાહોના વિશ્લેષક ડૉ. એમ. બાલામણિ તેમના પુસ્તક 'Women as Artists' (1920-2020) વિશે વાત કરશે.

## આસ્વાદ

**◈ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'હું અને મારી કવિતા' વિશે હળવી કવિતાના ગંભીર કવિ શ્રી કૃષ્ણ દવે વક્તવ્ય આપશે.

## અન્ય

**◈ ૯ માર્ચ, ૨૦૨૫, રવિવાર : સાંજના ૫-૩૦**

ઓમ આર્ટ્સ ડાન્સ એકેડેમી દ્વારા શ્રીમતી સુપ્રભા મિશ્રાની ઓડિસી નૃત્યની પચાસ વર્ષની સફર વિશે ડૉ. સુપ્રભા મિશ્રાનું અભિવાદન અને વક્તવ્ય.

આ પ્રસંગે પૂ. સ્વામી પરમાત્માનંદ સરસ્વતી (શિવાનંદ આશ્રમ), કુમારપાળ દેસાઈ, જોરાવરસિંહ જાદવ, બળવંત જાની, મહેશ્વર સાહુ (આઈ.એ.એસ.), એચ. કે. દાસ (આઈ.એ.એસ.), બંછાનિધિ પાની (આઈ.એ.એસ.) ઉપસ્થિત રહેશે.

---

**(૩૧મા પાનાનું ચાલુ)**

ઘણા તો પોતે શું છે એ સાબિત કરવા માટે જાતજાતના ધમપછાડા પણ કરતા હોય છે.  સરવાળે તો એ પણ માણસ કેવો છે એ જ પ્રગટ કરતા હોય છે. સારા માણસે કોઈને કહેવાની જરૂર નથી. ખરાબ માણસ જેમ વર્તાઈ આવે છે એમ સારો માણસ પણ પરખાઈ જતો હોય છે.

સારપની એક અનોખી આભા હોય છે. ઘણાના ચહેરા જોઈને જ એના પર ભાવ આવી જાય છે. ચહેરો માણસના મન અને દિમાગમાં શું ચાલે છે એ છતું કરી દે છે. કેટલાકના ચહેરા જોઈને આપણને સમજાઈ જાય છે કે, એના મનમાં કંઈક ઉત્પાત ચાલી રહ્યો છે. આપણે ખુશ હોઈએ ત્યારે આપણા ચહેરાની રોનક અને આપણે ઉદાસ કે હતાશ હોઈએ ત્યારે આપણા ચહેરાની દશા જુદી હોય છે. આપણે ઘણાનો ચહેરો જોઈને કહીએ છીએ કે, 'એનો ચહેરો કેવો ઊતરી ગયો હતો ?' ચહેરો પડી જતો હોય છે અને ખીલી પણ જતો હોય છે. સારો માણસ ભલે રૂપાળો ન હોય, પણ એનું સૌંદર્ય પરખાઈ આવતું હોય છે. જિંદગીને સરસ રીતે જીવવાની પ્રાથમિક શરત એ છે કે હળવા અને હસતા રહો ! પોતાનો ચહેરો પણ નીરખતા રહો. ઘણા લોકો બીજાનો ચહેરો વાંચી શકતા હોય છે, પણ પોતાના ચહેરાની ભાષા જ ઉકેલી શકતા નથી !

**- કૃષ્ણકાંત ઉનડકટ**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા અપાતા એવૉર્ડ

૧. પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત એવૉર્ડ
(કલાક્ષેત્રે વિશિષ્ટ યોગદાન માટે)
૨. શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક એવૉર્ડ
(શિક્ષણમાં નવાચાર દ્વારા પરિવર્તન માટે કાર્યરત શિક્ષક માટે)
૩. શ્રી મનસુખભાઈ જે. મેદાણીપ્રેરિત સમાજ-ઉત્કર્ષ એવૉર્ડ
(સામાજિક ઉત્થાન માટે ઉદ્યમશીલ વ્યક્તિ માટે)
૪. શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવૉર્ડ
(ટેક્નોલૉજી દ્વારા પરિવર્તન માટે)
૫. કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર (ચિત્રકલા માટે)
૬. ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા એવૉર્ડ (ચિત્રકલા માટે)
૭. ડૉ. હેમરાજ વી. શાહપ્રેરિત વીર નર્મદ સાહિત્યપ્રતિભા એવૉર્ડ
૮. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક
(પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ગુજરાતી ભાષામાં સંશોધન માટે)
૯. શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન એવૉર્ડ (નાટ્યલેખન માટે)
૧૦. પ્રો. અનંતરાય રાવળ શિક્ષક એવૉર્ડ (પ્રયોગાત્મક શિક્ષણ માટે)
૧૧. પ્રો. અનંતરાય રાવળ વિવેચન-એવૉર્ડ (વિવેચન માટે)


## વિશ્વકોશની વ્યાખ્યાનશ્રેણી

સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોને કેન્દ્રમાં રાખીને વિદ્વાન વક્તાઓ દ્વારા વૈવિધ્યસભર વિષયોનાં વ્યાખ્યાનો વિવિધ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત યોજાય છે.

૧. શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી
૨. જીવન-ઉત્કર્ષ વ્યાખ્યાનશ્રેણી
૩. ધર્મ-તત્ત્વ-દર્શન વ્યાખ્યાનશ્રેણી
૪. સ્વાસ્થ્ય-યોગશ્રેણી
૫. પ્રિ. આર. એલ. સંઘવી અને શ્રીમતી મંજુલા આર. સંઘવી
જ્ઞાનપ્રસાર વ્યાખ્યાનમાળા
૬. કેળવણીકાર શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી
૭. શ્રી કંચનલાલ પરીખ વ્યાખ્યાનશ્રેણી
૮. શ્રી યશવંત દોશી સ્મૃતિ વ્યાખ્યાનશ્રેણી
૯. શ્રી કુમાર જયકીર્તિ પ્રેરિત અનેકાંત વ્યાખ્યાનમાળા
૧૦. 'ગુજરાત દર્પણ' પ્રેરિત પત્રકારત્વ વ્યાખ્યાનમાળા
૧૧. ગુજરાતના સંસ્કારપુરુષ શ્રી પોપટલાલ હેમચંદ સ્મૃતિ-વ્યાખ્યાન




શ્રી ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિ વ્યાખ્યાનમાં ઉપસ્થિત
સર્વ શ્રી રમજાન હસણિયા તથા રઘુવીર ચૌધરી,
રતિલાલ બોરીસાગર, પ્રવીણ લહેરી, પ્રીતિ શાહ,
કુમારપાળ દેસાઈ, નીતિન શુક્લ, હિના શુક્લ,
અશ્વિન આણદાણી, પ્રકાશ ભગવતી



'મકરંદ દવેની કવિતામાં અધ્યાત્મ'
વિશે રમજાન હસણિયા



'સાઉન્ડ ઑફ મ્યુઝિક' ફિલ્મની
સમીક્ષા કરતા અમિતાભ મડિયા



ડૉ. અર્પણ યાજ્ઞિકની ભયનિવારણ અંગેની સિનિયર સિટીઝન માટેની
બે દિવસની કાર્યશિબિરના સહભાગીઓ

દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999

RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahd PSO On 5th every month.

## વિશ્વકોશનાં આગામી નવપ્રસ્થાનો

'ગુજરાતી ભાષામાં વિશ્વકોશ હોવો જોઈએ' એવા સંકલ્પ સાથે ૧૯૮૫ની બીજી ડિસેમ્બરે વિશ્વકોશની પ્રવૃત્તિનો પ્રારંભ કરવામાં આવ્યો. એના પ્રથમ ચરણ રૂપે 'ગુજરાતી વિશ્વકોશ'ના ૧૭૦ વિષયો ધરાવતા અને ૨૪,૦૦૦ લેખો સમાવતા ૨૬ ભાગનું સર્જન કરવામાં આવ્યું. એ પછી 'ગુજરાતી બાળવિશ્વકોશ'(ભાગ ૧થી ૧૦), 'ગુજરાતના સ્વાતંત્ર્યસૈનિકનો માહિતીકોશ', 'પરિભાષાકોશ', 'તબીબી વિજ્ઞાનનો પરિભાષાકોશ'(ખંડ ૧ અને ૨) તેમજ 'બૃહદ્ નાટ્યકોશ'(ખંડ ૧ અને ૨) પ્રકાશિત કરવામાં આવ્યા. આ જ પરંપરામાં હવે નીચેના કોશ પ્રકાશિત થશે.

### નારીકોશ (ભાગ ૧થી ૩)

ઈ. સ. ૧૮૫૦થી આરંભીને અત્યાર સુધી મહત્ત્વનું પ્રદાન કરનારી ગુજરાત, ભારત અને વિશ્વની સ્ત્રીઓની પ્રમાણભૂત માહિતી અને એમણે કરેલાં વિશિષ્ટ પ્રદાનનો વિસ્તૃત નારીકોશ તૈયાર થઈ રહ્યો છે. એમાં એમનાં વ્યક્તિચિત્રો પણ આપ્યાં છે. કોશપદ્ધતિએ તૈયાર થનારો ભારતીય ભાષાઓમાં સંભવતઃ આ સર્વપ્રથમ નારીકોશ હશે.

### સંતકોશ

વિવિધ સંતોનાં જીવન અને કાર્યને દર્શાવતો સંતકોશ ટૂંક સમયમાં પ્રકાશિત થશે. આ કોશમાં ભિન્ન ભિન્ન સંતોનાં સાહિત્યને પણ વિશિષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે અને મહત્ત્વની સંત પરંપરાઓનો પણ સમાવેશ કરવામાં આવશે.

### બૃહદ નાટ્યકોશ (ભાગ ૩ અને ૪)

અગાઉ શ્રી ભરત દવેએ તૈયાર કરેલા 'બૃહદ નાટ્યકોશ'નો પહેલો અને બીજો ભાગ પ્રગટ થઈ ગયો છે અને એને ગુજરાતના ભાષાપ્રેમીઓ અને નાટ્યરસિકોએ ઉમળકાભર્યો આવકાર આપ્યો છે. એ સંદર્ભમાં એનો ત્રીજો અને ચોથો ભાગ પણ તૈયાર થઈ રહ્યો છે.

### ગ્રંથાલય વિજ્ઞાનકોશ

ગ્રંથાલયની વિવિધ માહિતી આપતો આ વિશિષ્ટ પ્રકારનો કોશ એ ભારતીય ભાષાઓમાં ગ્રંથાલયપ્રવૃત્તિનો સર્વપ્રથમ વિશ્વકોશ બનશે, જેમાં ગ્રંથાલયોની માહિતી, એનાં મહત્ત્વનાં પાસાંઓની છણાવટ તેમજ આ ક્ષેત્રમાં મહત્ત્વનું પ્રદાન કરનારી વ્યક્તિઓનાં કાર્યને દર્શાવવામાં આવશે.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, બંધુસમાજ સોસાયટી સામે, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪